વૈધવ્ય. Reg. No. B. 3220

# તરૂણ જૈન.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ ] શ્રી જૈન યુથ સીંડીકેટ ( તરૂણ જૈન સમિ.
છુટક નકલ ૧ આનો. ] તંત્રી: મણીલાલ એમ. શાહ.
તંત્રી [ વર્ષ ૧ લું અંક ૧૯ મો
[ સોમવાર તા. ૧-૧૦-૩૪

## ત્હમારૂં હવે કામ નથી.

ગામેગામના ઉપાશ્રયો હું ઢુંઢી ચુક્યો.

કેટુંબીક પરિમિત સ્નેહ, ધન અને અવશઆરામની તમામ લાલસાવિમુક્ત માનવી તે કાળે જૈન સાધુ બની શકતો, જૈન સાધુ બનતાં માનવીની કપરી કસોટી થતી અને એ કાંટાળે માર્ગે બેજવાબદારીથી કે નાદાનીયતથી જવાની કોઈ હામ ભીડતું નહિ. અતિ મનસંયમી અને ઉત્કૃષ્ટ ભાવનાશાળીજ એ પથે જઇ શકતો.

જાતે બળી તેજ દેતા એ તેજપુંજો જગતનાં પરમ સનાતન સત્યોનો પ્રચાર કરતાં. અને એમની આરિગમતાં માનસ પલટાવતાં બંધુત્વ, દયા, સત્ય અને ફર્જનાં ભાન આપતાં.

આવા આ મહાત્માઓની અમુલ્ય એવી એકેય પળ એળે ન જાય, એમની પ્રત્યેક પળ એમના આત્મકલ્યાણાર્થે અને જનકલ્યાણાર્થે બરાબર ઉપયોગમાં આવે એ કારૂ સામાન્ય જનસમુહ ભક્તભાવે એમની જરૂરીઆતો પૂરી પાડતા.

અને બીજાને એ જવાબદારી ઉપાડવાની છે એવા સદા જાગ્રત ભાને અતિ સંયમપૂર્વક એમની જરૂરિઆતો એ સાવ ઓછી કરતા, અને જહેનાથી નજ ચાલી શકે એ વિના બીજી વસ્તુઓનો ઉપયોગ કરતા નહિ.

ગામેગામના ઉપાશ્રયો હું ઢુંઢી ચુક્યો—આવાં જૈન સાધુ સાધ્વિઓનાં દર્શન કરી—પુનિત બનવા......અને અતિ શ્રધ્ધાપૂર્વક ગયેલો હું શ્રધ્ધાહિન બની પાછો આવ્યો.

મ્હેં જોયા—'ન્યાય સભાઓ'ને 'કળીકાલ કલ્પતરૂઓ', 'સુરિસમ્રાટો' અને 'દિલ્હી ઢોલીનેસો' અને સેંકડો આચાર્યો, ને પન્યાસો, હજ્જારો 'એક હજાર આઠો' અને કોઇ 'મરૂધરોધ્ધારકો' 'આગમોધ્ધારકો' ને હું નિરાશ થઇ રહ્યો.

કનિષ્ઠ માણસથીય પામર જીવન જીવતા હજ્જારો સ્વાંગધર સાધુઓને કલહ પ્રચારતાં અને આચારવિહિન હું જોઈ રહ્યો. ભેલાં, ભોળાં નરનારને આ વિલાસશોખી જાદુગરોથી છેતરાતાં જોઇ મ્હને દુ:ખ થયું. અનેક પ્રશ્નોની પરંપરા મ્હારી સમક્ષ વાતાવરણમાંથી ઉપસ્થિત થઈ. આ બધાં આત્મકલ્યાણ આદરે છે કે જનકલ્યાણ કરે છે? જૈન આદર્શ સાથે એમને કાંઈ સંબંધ છે? આ બધાં જે રિતે જીવી રહ્યાં છે તે જૈનત્વને શોભારૂપ છે? જૈન સિધ્ધાંતોના એ સાચા પ્રચારકો છે? ના, ના, ના, તમામ પ્રશ્નોના ઉત્તર સ્વરૂપે પડઘો ગાજે છે. મ્હને કોઇક કોઇક એમાં અપવાદે ઉપયોગી પણ જણાયાં છે. છતાં સંસ્થા તરીકે આ સાધુઓ જૈનોનું અહિત કરી રહ્યા છે એમાં મ્હને શંકા નથી.

જુના બ્હેમો, શ્રધ્ધા, પરલોકભાવના, સ્વર્ગની ભ્રમજાળ, નર્કની કમકમાવતી કલ્પના અને તિર્થંકરોના નામ તમે એ શો સહાયથી લુંટ કરતા જણાય છે. અંગત અવશઆરામ સાધવા, સર્વોપરી સત્તા મેળવવા આ શસ્ત્રોનો સફળ ઉપયોગ કરતા,—આંખ ખોલી, જોઇએ તો—આજના સાધુઓ જણાશે.

ઘણું આ જોઇ શકે છે, પણ 'ધર્મની હિલના' ન થાય કરી આંખમિંચામણાં કરે છે; વિનિત માનસ ધરાવતા કોઈક કોઇક 'આદર્શ' સાધુની વ્યાખ્યા કરવા મંડી પડે છે; જૈનત્વના શુધ્ધ સાધુમાર્ગનો અંગુલીનિર્દેશ કરી, માર્ગભૂલ્યા સાધુઓને એ 'ચિલે ચિલે' ચાલવા વિનંતી કરે છે......પણ એ સર્વ એળે જાય છે. ચાલાક ને પટુ એવા એ સાધુરાજો કુનેહથી એ પી જાય; કહેનારપર વિધર્મચારનું આરોપણ કરી, અંધશ્રધ્ધાળુ માનવીઓપર મુસ્તાક રહી "આડે ચિલે" ચાલ્યા જાય છે......અને પેલા વિનિતો 'એમનાં કર્યાં એ ભોગવશે' કહી એમના કામમાં લાગી જાય છે.

આજે, એ પણ આવી લાગી છે કે આંખમીંચામણાં એ પાપ ગણાય; 'આપણે શું?' એ જવાબદારી મનાય; અને જોરશોરથી વાતાવરણ ભરતો ઘંટનાદ કરી, સ્વાંગધર સાધુઓની અનાવશ્યકતા પોકારવાની એકલી ને અનિવાર્ય ફરજ ગણાય.

આ લુંટ હવે અટકી જવી જોઇએ—આપણે એ અટકાવવી જોઇએ. આ છેતરપીંડી હવે બંધ થવી જોઇએ—આપણે એ બંધ કરાવવી જોઇએ. સ્વાંગ ધરે તે સાધુ છે એમ માનવા મનાવવાની ભૂલ હવે વધુ વાર નહિ થવી જોઇએ.

માણસ તરીકે લાયક હોય તે ભલે માન મેળવે, પણ માત્ર ચોરપટ્ટો ને ચાદર, ઓઘો ને પાતરાંનાં પ્રદર્શનથી ઉચ્ચતાનાં આરોપણ આપણે નહિ કરવાં જોઇએ. એવાં ગમે તહે વેશ ધારે તે તમામની જરૂરીઆતો પૂરી પાડવાની આપણી ફર્જ નહિ મનાવી જોઇએ. એમને ખાલી પાતરે પાછા ફેરવવા જોઇએ. એમને ખમાસણાના કે વંદનના અધિકારી નહિ ગણવા જોઇએ અને એમને વિવેકપૂર્વક કહી દેવું જોઇએ:

इच्छकार सुहराइ सुहदेवसी,
सुख विलास शरिर निराबाध,
राग, असंजमयात्रा निर्वेहो छो ?
ए वेषथी संतोष छेने ?

तो कृपा करी आहारार्थे म्हारे त्यहां आवशो नहि.

# વૈધવ્ય.

જેનો વિચાર માત્ર સૌભાગ્યવતીઓનાં કાળજામાં કકડતાં તેલ રેડી રૂંવાડાં ઉભાં કરી દે તે વૈધવ્ય જેના ઉપર આવી પડે એના દુઃખની કલ્પના કરવી એ કાંઇ ઓછી દુષ્કર છે?

સંસારના જીવનચક્રમાં બે વિજાતિય માનવીઓ મળે, દિવસ રાત્રીઓ સાથે નિર્ગમન કરે, ગાઢ પરિચયે અન્યોન્ય આત્માઓ એકમેકને સમજતાં સમજતાં, ઉદાર બની, ભેદ ભુલી જાય, નજદીક અને વધુ નજદીક આવતાં થાય; પણ માત્રનો વિરહ જેને આંસુડાં પડાવે,—અન્યોન્યનો સહચાર આલોકનાં સ્વર્ગ સર્જાવે, તે સમયે કેરોળી કાળ એકાદ સ્નેહીને ઝડપી લે ત્યારે જીવન્ત સ્નેહીની વ્યથા કેટલી હૃદય વલોવનારી થઇ પડે એ હિંદુ વિધવા સિવાય બીજું કોણ સમજી શકે? સ્નેહીનું વિરહદુઃખ શું પુરૂષ કે શું સ્ત્રી બન્ને માટે સરખું છે, પણ પુરૂષજાત એ સ્નેહનું નિરૂપણ ફરી વાર બીજી પત્નીઓ કરી દુઃખને ભુલી જાય છે, ત્યારે વિધવાને તો એ પછીજ દુઃખના દરિયામાં આથડવાનું શરૂ થાય છે.

જેમ સડેલા માલ ઉકરડે નંખાય, તેમ વિધવા જનતાંતી સાથેજ સ્ત્રી જાતિને ઉકરડે અંધારે બેસી જવું પડે. ઘરના ચાર ખુણામાંથી એક ખુણો પકડી અહોરાત્રી રડ્યું કુટ્યું ચાલુ રાખવું પડે, જીવનની કુદરતી હાજતોને દબાવી દેવી પડે, અને વ્હાલસોયા પતિનાં સંસ્મરણો ભુલી જઇ એમને એમ રોદ અને આર્તધ્યાનમાં કાળ વિતાવવો પડે. સગાંવ્હાલાઓના આશરે દ્રવ્ય હોવા છતાં નિરાધાર બની જીવવું પડે.

જ્યારે જ્યારે કોઇ 'કર્મ'સત્તાની કપ્ટબગીરી કરાવી 'વૈધવ્ય દુઃખનાં' આગમનનું સૂચન કરે છે ત્યારે એ પ્રશ્ન થાય છે કે આ આગળ સેંકતાઓ આપણે ઉપસ્થિત કરી છે, આપણે બાળકીઓ તો મિલકતી શકીએ છીએ ત્યારે 'કર્મ' અને 'ફળ'ને આમાં શા માટે ધરીએ છીએ? અને એ 'કર્મ'ની સત્તા સ્ત્રી જાતિનેજ કેમ લાગુ પડે છે અને પુરૂષજાત કમળ જેમ નિર્લેપ રહે છે?

જ્યારથી હિંદુ જીવને વિધવાઓ ઉપર અત્યાચાર આદરવા શરૂ કર્યાં છે, ત્યારથી એની પડતીના પગરણ મંડાઇ ચુક્યા છે. આપણી સામાજીક અને ધાર્મિક રૂઢીના કેટલાક જડ કાયદાઓથી વિધવાઓની ભરતી થતી અને થયા કરે છે, અને જ્યારથી સ્ત્રીને પુરૂષની મિલકત માનવામાં આવી છે, ત્યારથી એ મિલકત એના માલીક સાથે ખપી જવી જોઇએ, એ માન્યતાએ હિંદ જેવા ધાર્મિક હોવાનો દાવો કરતા દેશમાં સ્ત્રીઓને પતિના મૃત દેહ સાથે જીવતી સળગાવી મૂકવા છતાં એને 'સતિ' કહેવાની કયાં ઓછી દુષ્ટતા આદરવામાં આવતી હતી? અને આ ક્રિયાને ધાર્મિક ક્રિયા એટલા સુસ્તપણે મનાવવામાં આવતી કે જ્યારે શાહઆલમને આ પ્રથાથી કંપારી છુટી, એને બંધ કરવાના હુકમ છોડ્યા ત્યારે, જનતાના ધર્માંધ વિરોધથી એ કાર્ય અધુરૂંજ રહ્યું અને જ્યારે આજની સરકારે એ રિવાજ બંધ કર્યો ત્યારેએ કયાં ઓછો વિરોધ હતો?

અને એ વિરોધ કરતાંએ આજના ફરજીઆત વૈધવ્ય પળાવનારાઓનો વિરોધ કંઇ ઓછો છે? એ માનવીઓ પણ 'વૈધવ્ય' પળાવવું એ ધર્મ છે એમ કયાં નથી કહેતાં? ચક્રવર્તિના ઘોડાને ફરજીઆત બ્રહ્મચર્ય પળાવ્યું એટલે એ દેવલોક ગયા! એટલે સ્ત્રીઓને પણ ફરજીઆત વૈધવ્ય પળાવો તો એ મોક્ષમાંજ જાય, એવી એમની ધાર્મિક વક્ર માન્યતાઓ પણ કયાં ઓછી છે? પચાસ સાઠ વર્ષ સુધી પણ "દિલ્હીરાજ" પુરૂષને ફરી ફરી પરણવાની છુટ આપે પણ સ્ત્રીઓને તો ફરજીઆત નિયમજ લાગુ પડવા જોઇએ!

**પુનર્લગ્ન એ પાપ નથી, પુનર્લગ્ન એ કોઇ ધર્મ પણ નથી, પુનર્લગ્ન આજના સળગતા પ્રશ્નને કેટલેક અંશે ઉકેલનારી સુપ્રથા છે.** દરેક માનવી સંયમ પાળી શકતા નથી, દરેક માનવી ઉચ્ચ આદર્શોને પહોંચી શકતા નથી. માનવીની જીવનભુખ તરછોડી શકાતી નથી તો વિધવાઓ પાસેથી આપણે એ બધી આશા કયાં રાખીએ? આદર્શોની ઉચ્ચતા હંમેશના માટે રહેવાનીજ. છતાં દરેક વિધવા આદર્શ બની શકવાની નથીજ, જે કોઇ વૈધવ્ય નહિ પાળી શકતી હોય, જે કોઇ લાંબા જીવનચક્રમાં કોઇ પળે ક્યાંક ફસાઇ પડે—ફસાઇ પડે છે, ફસાઇ પડી છે, અને સમાજ તરછોડી મૂકે એ ભીંક ગુપ્ત અનાચારથી કાયાને અભડાવી મૂકે છે, એમને માટે પુનર્લગ્ન એ આશિર્વાદ છે. કેટલીએ વિધવાઓએ હિંમત રાખી પુનર્લગ્ન કરી નસમાંએ અનાચારની ભદ્દી દાખલ નહી કરતાં સામાન્ય સ્ત્રી પુરૂષના લગ્નજીવન કરતાં અધિકજ ઉત્તમ લગ્ન જીવ્યું છે. સમજપૂર્વક પૂજનીય વૈધવ્ય પાળતી બ્હેનો સમાજની સાચી મત્તા છે, જે કાંઇ સમાજની પુનર્ઘટના થશે ત્યારે સમાજનું નાવ એમને હસ્તક રહેશે એ નિઃસંશય છે. શુદ્ધ વૈધવ્ય જાહેને પાળવુંજ છે એને ના પાડવાની હિંમત કયા મર્દમાં છે?

પુનર્લગ્નથીજ સમાજનો રૂપેરી સોટ સાફ થશે, પુનર્લગ્નથી સમાજનું નવોદ્ધાર ઉજળું થશે પણ એકલા પુનર્લગ્નથી વૈધવ્યના દોજખનો નિવેડો નહી લાવી શકાય. પુરૂષજાતની નસમાં એવું લોહી વહે છે કે એ 'સ્ત્રીનો પોષક છે, 'પાલક' છે; એટલે જ્યાં સુધી સ્ત્રી જાતિ આર્થિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા જેટલું જ્ઞાન નહિ મેળવે ત્યાં લગી પુનર્લગ્ન પણ કંઇ સુખ આપી શકે તેમ નથી. અને જો એટલું જ્ઞાન પ્રાપ્ત કરી સ્ત્રી જાતિ પોતાનું ફોડી લેવા તત્પર થાય તો પુનર્લગ્નની વિવાદાસ્પદ આજે આપણે શું કામ કરવી પડે?

વૈધવ્ય પાળતી બ્હેનોનાં જુના કાળથી આવતાં દુઃખોમાં નવા જમાનાએ પણ કંઇ દુઃખો વધાર્યાં છે. "જોઇએ છે એક વિધવા પરણવા માટે"ની જાહેર ખબરો કયા વર્તમાનપત્રમાં નથી આવતી? કેટલો તિરસ્કાર એ વાક્યમાં સમાયેલો છે? જાણે કોઇ ખરીદી કરવા નિકળ્યો હોય તેમ પુરૂષનું મિથ્યાભિમાન નજરે નથી તરવરતું? અને એ જાહેર ખબરથી કોઇ મુંઝાયેલી વિધવા એમના હસ્તક જઇ પડે તો એ બિચારીની-શી દશા થાય છે? વિધવાઓ સમજે કે ઉજળું એટલે દુધ નાહીજ.

હાલની એક અર્થસુચક અને મોહક શબ્દજાળ એ છે, "કન્યાઓ નથી મળતી માટે, પુનર્લગ્નની છુટ આપો કે જેથી કુંવારાઓને સ્ત્રી વગર આખી જીંદગી મરી જવું ન પડે." સારી વ્યક્તિઓ તરફથી આ વસ્તુનું સમર્થન કરતાં કારણ બતાવવામાં આવે છે કે આપણી જૈન કોમ ઘટતી જાય છે.

અનુ. ... પા. ૧૮૪

# અંધેર કારોબાર ક્યાં લગી ચાલશે?

આજથી સમાજમાં એવાં અનેક ફંડો અને સંસ્થા હૈયાતી ધરાવે છે કે એના હિસાબ કે રિપોર્ટ બહાર પડતાં નથી. એની સમિતિઓ કે સભ્યોની જાણમાં પણ હોતા નથી. કારણ ? એના (ફંડના) ઘણા ખરા પૈસા કોઇના ગજવામાં જઇ પડયા હોય છે.

થોડા વખતથી મુંબઇમાં ચાલતી ભોજનશાળા અંગે ઘણી બુમો અને વસવસો સારીયે જૈન આલમમાં ઘર કરી રહ્યો છે. એના મંત્રી શ્રી. વીરચંદ દેવજીભાઈ જાણે બ્હેરા કાન હોય તેમ વર્તન ચલાવ્યે જાય છે. કોઇને દાદ પણ આપતા નથી. એમની સામે પ્રોવીઝનલ કમિટીની સભા નહિ બોલાવવાના, એકહથ્થુ વહીવટ ચલાવવાના, કમિટીઓ કે સભાઓની મીનીટ બુક સુદ્ધાં ન લખવાના, બંધારણ ઘડી અઢાર અઢાર મહીના થયા છતાં કાર્યવાહક સમિતિ નહિ ચુંટવાના, કમિટીને જાણ કર્યા વિના જમનારાઓ પાસેથી દશ રૂપીયાને બદલે અગીઆર કરવાના, મંજુરી વિના હજારોના ખરચ કરવાના, તેમજ વહીવટી તંત્ર સંસ્થાઓના કાનુનથી ગેરરીતે ચલાવવાના આરોપો છે. છતાં અમને નવાઈ તો એ લાગે છે કે જાહેર પ્રજાના પૈસાપર નભતી આ સંસ્થા, જેમાં માસીક પાંચ–છ હજારની લેવડદેવડ થાય છતાં કમિટી સુધ્ધાંની મંજુરી નહિં લેવાનો વીરચંદભાઇનો શું આશય હશે ? યા કઇ જાતનો ઘડરીઓ ગઢ જીતવા મનોરથો હશે કે બંધારણ વિરૂદ્ધ આપખુદ સત્તાથી વહીવટ ચલાવ્યે જાય છે.

સમાજને જો આમજ અંધારામાં રાખવામાં આવે તો ! એમના તરફ તરેહતરેહની શંકાઓ લઇ જવાનાં મજબુત કારણો મળે. એમાં કાંઇ નવાઇ નથી. બીજી તરફ પ્રોવીઝનલ કમિટીના કેટલાક સભ્યોએ જાહેર પત્રોમાં રાજીનામા આપતાં એમના બેજવાબદાર શાસન સ્હામે કેટલાક આરોપ મૂકયા છે; છતાં શા માટે તેઓ તેઓને વિશ્વાસમાં લેતા નથી. કહેવાય છે કે એક વર્ષ માટે તેના પ્રમુખ શ્રી. માણેકચંદ જેચંદભાઇએ તેમાં આવતી ખોટ આપવાનું જાહેર મેળાવડા સન્મુખ કહ્યું હતું. ત્યારે હવેના ખોટ કે નફાના માટે કોણ જવાબ લેખાય ? એનો ખુલાસો શ્રી. વીરચંદભાઇની મંડળી કરશે ખરી ? સમાજમાં ચાલતી અનેક અંધાધુંધીનો અગર બે પક્ષ છે માટે કદાચ લાભ લેવા માંગતા હોય તો અમે કહીએ છીએ કે તેઓ ભૂલે છે. આવી સાર્વજનીક સંસ્થામાં કોઈ સમજુને વાંધો નથી અને ન હોય, હજુ પણ થોડાક હાજી, હા, કરનારાઓદ્વારા ગોળા ગબડાવવાનું છોડી, વેળાસર બંધારણસરની કમિટી નીમો. પ્રોવીઝનલ કમિટી (કામચલાઉ કમીટી) દ્વારા અઢાર અઢાર મહીના લગી ન ચલાવી લેવાય સમજવાને સેવાભાવિ વિરચંદભાઇ ! એવું પાકું બંધારણ જલદી તૈયાર કરી આવતી કમિટીમાં પાસ કરાવી ઓડીટ કરાવેલો હિસાબ બહાર તુરત પાડો. તેમજ જ્હેને વિગતે જોવો હોય તેને જોવા માટે ખુલ્લો રાખો. અને ત્યારેજ સમાજને સંતોષ થશે.

જેટલો વખત વધુ લંબાવો છો—પ્રજાને અંધારામાં રાખો છો તેટલા પ્રમાણમાં આ બનાવ ગંભીર રૂપ લેતો જાય છે એ રખે ભુલતા ! તમે ચોકખાજ હો, તમારામાં સેવાભાવના સાચેજ હોય તો આજેજ વ્યવસ્થિત બંધારણસરની નવી કમિટી નીમી તેને તરતજ સોંપો અને સાથે રહી તેની આજ્ઞા અનુસાર હળીમળી તંત્ર ચલાવો. કાયદેસર રીતે નવી કમીટી નીમાય તે અગાઉની જવાબદારી તમારી છે. એટલે પછી ત્યાર પહેલાનો હિસાબ સંતોષજનક ખુલાસા સહીત બહાર પાડશો. નહી તો તરેહતરેહની અટકળો થઇ જવાનું અમને, સમાજને અને પૈસા ભરનારાઓને સબળ કારણ મળશે એ નિર્વિવાદ છે. સમજવાને વિરચંદભાઇ ! હજુ મોડું નથી. "આપો ખુટે પછી અધિરતા થયે વખત ન નભે" એ સાદી લોક કહેવત આપના ધ્યાનમાં તો હશેજ.

આ કથન સાવ સાચું છે, નિર્ભેળ લુંટના આંકડાઓ આજના મંદિરના ચાલકો યા આપખુદ તંત્ર ચલાવતા વહીવટદારો આપણને બતાવા નથી ઇચ્છતા, લુંટાયેલી લુટ માફ કરીએ તો પણ હવેથીય હિસાબ બહાર પાડવાનો ચોખ્ખો વિરોધ દર્શાવે છે. પ્રજાને માટે બે રસ્તા ખુલ્લા છે, કાં તો વહીવટી ચોપડા જોવા માંગવા એટલે કે વર્ષ આખરે રીપોર્ટ બહાર પાડવા આગ્રહ કરવો અગર તો એવાઓને આપવાથી મુકત રહેવું.

x x x x

પૈસા પૈસામાંથી—ટીપે ટીપે ભરાયલા એ લક્ષ્મી આગારો કયા ધર્મ અર્થે વપરાય છે ? કઇ ને કોની ઉન્નતી સધાય છે ? કોઇ પુરાતત્વશોધી સંશોધન આદરે અને કોઇપણ પારખુ એ લક્ષ્મીનાં પગ ઓળખી શોધી કાઢી એનાં પરિણામ પ્રજાને જણાવે તો આખો સમાજ ચમકી ઉઠે. એક એક પૈસાથી એકઠી થયેલી એ લક્ષ્મી આપણા ઉજળા કપડાં પ્હેરી ફરતા આગેવાનોએ સાવ પચાવી દીધી છે.

જૈન જુવાનો ધંધા વિના પેટે પાટા બાંધી ધંધો શોધવા રખડતા હોય ત્હારે આપણું કર્તવ્ય શું ? લક્ષ્મીના એ ગંજોમાં કોઇની ઉડાઉગીરી પોષવા પૈસા આપવા કે નામની તખ્તી રહે એ ખાતર મંદીરો કે ધર્મશાળા બંધાવવાં કે આ જીવતા ભાંડુઓને મૃત્યુની ખાઇમાંથી હુન્નર ઉદ્યોગ વિકસાવી, ભણવાનાં સાધન પુરા પાડી, હોસ્પીટાલો બનાવી બચાવવાં ?

આપણે આ વિચારી લેવાનુંજ છે, આપણા દાનની દીશા આપણે નક્કી કરી લેવાની છે, કોમનું આવું દર્દ અને એનું ઔષધ આપણે શોધીજ લેવાનું છે.

(પ્રબુદ્ધ જૈનમાંથી)

---

કોઇપણ રૂઢી અથવા રિવાજ કોઇ પ્રાચીન પુસ્તકના આધારવાળો હોય, આપણા સમાજમાં (Nation) મનાતો હોય, અને આપણે નાનપણમાંથી માનતા શીખ્યા હોઇએ, તે કારણથી તે આપણે સાચો માનવો નહિ; પણ અનેક રીતે તેની બુધ્ધિપૂર્વક તપાસ કરવી, તેનું પૃથક્કરણ કરવું, અને પછી, દરેક વ્યક્તિને તેમજ આખા સમાજને લાભકર્તા છે એવી ખાત્રી થાય તો આપણે પોતે તેના રિવાજનો અમલ કરવો અને બીજાઓ પાસે કરાવવાની તજવીજ કરવી.

—મહાત્મા બુધ્ધદેવ.

# જોઇએ છેઃ .... .... .... .... .... .... .... .... પરીવર્તન.

[—જયંતિલાલ શાહ—]

આજે સારૂંયે જગત પરીવર્તન માગે છે. સમાજના એકેએક અંગમાં પરીવર્તન જોઇએ છે. ધાર્મિક અને રાષ્ટ્રીય જીવનમાં પણ પરીવર્તન માગે છે. વિધવાઓના આંતરનાદો અને તેમની ભડભડતી ચિતાઓ પરિવર્તન માગે છે. આજના સૂત્રધારોએ હવે તો જોતજોતામાં પરીવર્તનના સૂરો બજાવવા જોઇએ.

સાધુશાહીને નામે ચાલતા દંભ અને પોકળતા હવે સમાજ સાંખી શકે તેમ નથી. સાધુશાહી નામે ચાલતી અન્યાયી નીતિ હવે અમારા નવલોહીયા યુવકો સહન કરી શકે તેમ નથી. આજે અમારા યુવકોને પરીવર્તન જોઇએ છે. અમારે સાધુશાહીની દફનક્રિયા કરવીજ નથી. અમારે તો એમની નીતિમાં પરિવર્તન કરાવવું છે. દફનક્રિયા કરીશું તો કોઇ કાળે એના રજકણો કે તત્વો નીકળશે તો અમારા કાર્યમાં ખલેલ પહોંચશે એમ અમારૂં જબ્બરૂં મંતવ્ય છે. એક કાળ એવો હતો કે જ્યારે શિષ્ય ગુરૂની શોધમાં નીકળતો, આજે તો એ બદલાઇને ગુરૂજી શિષ્યની શોધમાં નીકળે છે; અને એ કાર્ય સિદ્ધ થતાં એ ગુરૂ અનેક ધમપછાડા મારે છે. જીવનની સર્વ શકિતઓને રૂંધી નાંખે છે. પણ આખરે તો શુન્ય મળે છે. આજે અમારા કહેવાતા સાધુઓને શિષ્યની ગતાગમ નથી. મુંડતા પણ આવડતું નથી. માત્ર ભ્રષ્ટાચારમાં સર્વસ્વ માને છે. કેવળ નિર્દોષતાથી આ બધું સહન થાય છે. હવે એ સહન નહી થઇ શકે. હવે તો સાધુતામાં પરીવર્તન લાવીશું ત્યારેજ યુવકોનો છુટકો થશે. દંભ અને પોકળતામાં પરીવર્તન સિદ્ધ કરવાનું છે. પ્રગતિના મોર્ગ હવે અમારા નવલોહીયા જુવાનોમાં ફરી વળ્યા છે એટલે જરૂર પ્રગતિ સધાશે.

સમાજના અનિષ્ટ બંધનો, અનાચારો, જીવનની સર્વ શક્તિઓને રૂંધી રહ્યા છે. અનિષ્ટ બંધનોને દફનાવવાની જરૂર નથી. એ અનિષ્ટ બંધનોમાં પરિવર્તન જરૂરનું છે.

વિધવાઓના આંતરનાદો ભડભડતી ચિતામાં સમેટાઇ ગયા છે. એની વિશાળ ભાવના અને ઓજસ આજે ગુપ્ત સ્થાનોમાં પડ્યું છે. સમાજની ભીતરોમાં એનાં કલુષિત જીવનો ધરતીપર અશ્રુ સારે છે. એનો કોઇ આરો નથી. ભડભડતી ચિતામાંથી આપણી વિધવા બ્હેનોને બચાવવાનો એક સાદો અને વ્યવહારૂ ઇલાજ માત્ર એકજ છે કે સમાજના સુત્રધારોમાં પરીવર્તન લાવો. વિધવાની જીવનદશા જુઓ અને તેના જીવનની હદ બાંધતા શીખો. એક વિધુર પાંચ પાંચ વખત પોતાની પાશવી વૃત્તિ સંતોષવા લગ્ન કરે પણ એક વિધવા બ્હેનને પોતાના સામાજીક દોષો અને અનિષ્ટ બંધનો દુર કરવા સમાજ મુંઝવે. આ તે કયાંનો ન્યાય. જીવનની વિશાળ ભાવનાનો અંતજ આવ્યો કહેવાય. વિધવા આજે સમાજની પ્રચંડ બેડીમાં જકડાઇ ગઇ છે. હવે તો એને એમાંથી મુકિત આપવી એમાં નવલોહીયા યુવકનું સ્વમાન છે. મ્હારી તો દૃઢ માન્યતા છે કે જેઓ વિધવાવિવાહનાં કાર્યમાં પાછા પડશે તે સ્વમાન ગુમાવશે અને ધર્મ ચુકશેજ.

આવી તો કેટકેટલીયે ચિતકથાઓ અને આંતરકલહો સમાજની ભીતરમાં મોજુદ છે. સમાજના સડા વધતા જાય છે. આજે સમાજ અનીતિ અને પાશવ વૃત્તિઓનો સંગ્રહસ્થાન બન્યો છે. વધતી જતી વિધવાઓની કરૂણ દશાની વાત કરી પણ એ વધારવાના મુખ્ય બે સંચાલકગૃહો છે. એનો આપણે અંત લાવીશું ત્યારે આપણું કામ ફત્તેહમંદ થશે. એ બે સંચાલકગૃહો બાળલગ્ન અને વૃધ્ધલગ્નના નામથી વિખ્યાત છે. આજે આપણી બ્હેનો એ સંચાલકગૃહોમાં સપડાઇ ગઇ છે. સમાજના સુત્રધારોએ એની સ્હામે આંખમીંચામણાં કર્યાં છે. એ બધું ક્યારે બંધ થશે કે જ્યારે સમાજના સુત્રધારોમાં પરીવર્તન થશે. સમાજના સુત્રધારોમાં પરીવર્તન થવાની ખાસ આવશ્યકતા છે.

આજ ધાર્મિકતાને નામે ચાલી રહેલા દંભ અને પોકળતામાં હવે પરીવર્તન કરવું પડશે. જુનવાણી સિદ્ધાંતોમાં પરીવર્તન જરૂરનું છે. અમારી વિચારશ્રેણી પરીવર્તનના માર્ગ માગે છે. હવે તો હાલની સાધુતામાં અને સમાજમાં પરીવર્તન જરૂર કરવાનું છે. સમાજના સડાઓ દુર કરવા પ્રયત્ન જારી રાખવો જરૂરનો છે.

દફનક્રિયા કોઇકાળે આ સમાજમાં જરૂરની નથી. એકપણ સુધારો કે સંસ્કૃતિ માટે દફનક્રિયા અનઆવશ્યક છે. દફનક્રિયાને બદલે પરીવર્તન કરવાની જરૂર રહેછે. આપણે જો સાધુતાને નામે ચાલી રહેલા દંભ અને પોકળતાનો નાશ કરીશું તો જરૂર અનિષ્ટ પરિણામ નિપજશે અને તેમાંથી જબરી હુતાશનો પ્રગટશે. મુડીવાદી અને મજુરોમાં ચાલી રહેલા ઝઘડાનું આ બધું પરીણામ છે. આપણે મુડીવાદી માનસનો નાશ કરવાનો નથી; પણ એને યોગ્ય રાહે ચલાવી પરીવર્તન કરવાનું છે. જેમ મુડીવાદી માનસમાં પરિવર્તન જરૂરનું છે. તેવુંજ આપણા સુત્રધારોના માનસમાં પરીવર્તન જરૂરનું છે.

સાધુજીવન આજે નિરસ બન્યું છે. ધર્મના નામે ચાલતા અઘટીત ભેદ અનદર્શનીઓ જૈન ધર્મ પ્રત્યે અણગમો દર્શાવે એ ઘણું ખેદયુક્તજ ગણાય. ગઇકાલે હમણાંજ એક સાધુએ દિક્ષા આપી. દિક્ષાનો ઉમેદવાર નાસી છુટ્યો અને સંસારમાં આવી ભરાયો. બીજોજ દાખલો કોઇ એક સાધુએ કોઇની પણ સમ્મતિ વગર દિક્ષા આપી અને સમાજમાં ખળભળાટ મચાવી મુક્યો. એક સાધુ થાય છે. સાધુજીવન પાળે છે. પણ ઉપાશ્રયની ભીતરમાં જો જો કે એ સાધુને ગુરૂ તરફથી કેવા વર્તન જાણવાના મળે છે. આ બધી અધોગતીની નીશાની છે. હવે તો સમાજમાં સંગઠ્ઠન તેમજ પરીવર્તન જરૂરનું છે. અહિંસાના પુજારી થઇ ચુંધ સરખી મખમલ કે વૅાયલ વહોરવા આપણા સાધુઓ તૈયાર થાય છે. એ વહોરાવનારા આપણા સુત્રધારોમાં જાગૃતિ આણવી જરૂરની છે.

પૂ૦ ગાંધીજીના પ્રતાપે આજે જડવાદી અને અંધશ્રધ્ધાનું માનસ ખલાસ થયું છે. જડવાદનો નાશ થયો છે. પણ એના રજકણો તો આજે જગતમાં ફરી વળ્યા છે. હવે તો ચેતનવાદ જરૂરનો છે. સમાજમાં ચેતનવાદ લાવવો એ ન્હાની સુની વાત નથી. પ્રગતિ સાધીએ તો કાંઇ કાંઇ કરી શકીએ.

પરીવર્તન કેટલીય વાતો કરી પણ સૌથી વધારે અગત્યની વસ્તુ સાહિત્યમાં પરીવર્તન કરવાની છે. આપણું સાહિત્ય આજે ભિન્ન ભિન્ન દિશાએ પડ્યું છે. એ પરીવર્તન તો જ્યારે આપણે જૈન સાહિત્ય સભા જેવી કોઇ એકાદ સંસ્થા સ્થાપીશું ત્યારેજ આવી શકશે. એની અંદરથી આપણે સાહિત્યકારો જન્માવીશું અને ધર્મને ઉચ્ચકક્ષાએ પહોંચા-

# કેળવણી અને સ્ત્રીઓ.

## સમાજ રચના—

વિદ્વાનો કહે છે "સ્ત્રી અને પુરૂષ આત્માના બે રૂપ છે." જુદા થએલા એકત્ર થઇ જાય ત્યારે એ એક અંગ બને છે. આવી અનેક વ્યક્તિઓનો આપણો સમાજ બનેલો છે. જેમ શરીરની દરેક ઇંદ્રિયોનાં કાર્યો જુદા છે તેમ સમાજમાં રહેલી વ્યક્તિઓના કાર્યો જુદાં જુદાં છે. શરીરની ઇંદ્રિયોના કાર્યોની વ્હેંચણી જુદી હોવા છતાં દરેકની કિંમત છે તે પ્રમાણે દરેક વ્યક્તિના કાર્યો જુદા હોવા છતાં માનવી તરીકે તે દરેકની કિંમત પણ સરખી છે.

## કાર્યની વ્હેંચણી—

જગતના મહાવ્યાપારને વ્યવસ્થિત ગોઠવવાની જરૂર પડી હશે ત્યારે કૌટુમ્બિક સંસ્થા રચના કરવામાં આવી હશે. ઉપર કહ્યા પ્રમાણે સ્ત્રી અને પુરૂષ બન્ને મળી એકઅંગ જગતમાં ગણાય છે. સંસારમાં તો બન્ને સરખાં છે. પણ વ્યવસ્થાને ખાતર કાર્યની વ્હેંચણી કરવીજ પડે. કામે પડતાં ભાગમાં સ્ત્રીયોએ કૌટુમ્બિક ફરજ અને ગૃહવ્યવસ્થા પોતાને શીરે લીધી તેથી તે ગ્રહરાણી કહેવાઇ, પુરૂષોએ કુટુંબનું પોષણ કરવાની જવાબદારી લીધી તેથી કમાવાનું તેમને શીરે આવ્યું આથીજ ગાંધીજી કહે છે "પુરૂષ આજીવિકા લાવનાર છે, સ્ત્રી સંગ્રહ કરનાર ને વ્યય કરનાર છે."

## કેળવણીનો ભેદ—

કાર્યની દિશા જુદી હોઇ બન્નેની કેળવણીમાં પણ ફેરફાર તો રહેજ. ઓફીસમાં નોકરી કરતા ક્લાર્ક અને ખેતરમાં હળ હાંકતા ખેડૂતની કેળવણી સરખી નથી. હોય તો પણ તેમના કાર્ય પ્રમાણે હોય છે. તેજ પ્રમાણે પુરૂષોએ કમાવાનું હોઇ તેને વેપારને લગતી કેળવણીની વિશેષ જરૂર રહે છે. સ્ત્રીને ગૃહવ્યવસ્થા જાળવવાની હોઇ ગૃહકારભારને લગતી કેળવણીની વિશેષ જરૂર રહે છે. આનો અર્થ એમ નથી કે સ્ત્રીઓએ તે ઉપરાંત બીજી કેળવણી લેવીજ નહિ, પણ મુખ્ય કેળવણીની જરૂર ઉપર પ્રમાણે છે, તે ઉપરાંત સ્ત્રીપણ વ્યાવહારિક કેળવણી લે તો ગુમાવવાનું તો નથીજ પરંતુ મુશ્કેલીના વખતે પોતાના પગ ઉપર ઉભી રહી શકે.

ભારતના કમનશીબે વખત જતાં સ્ત્રી અને પુરૂષના કાર્યોની વ્હેંચણી ભુલાઇ ગઇ. સ્ત્રીઓને દબાવવાનાં પુરૂષોએ કાયદા ઘડ્યા, જેના પરિણામે સ્વામીદારીમાંથી મજુરણ-ઘરકામ કરનારી દાસી,-ભોગ વિલાસનું રમકડું વિગેરેની મનોવૃત્તિ પુરૂષોએ કેળવી અને સ્ત્રી એટલે ગુલામડી ગણવા લાગ્યા, અને સમાજની અધોગતિ મંડાઇ.

પ્રાચિન યુગમાં સ્ત્રી કેળવણી માટે પુરતો અવકાશ હતો. તે વખતે પુત્ર, અને પુત્રીમાં ભેદ ન્હોતો મનાતો, ઓછી વધતી કિંમત ન્હોતિ, બન્ને સરખાંજ હતા. એટલે પુત્રી અને પુત્રને ગુરૂમંદિરે અભ્યાસ કરવા મોકલવામાં આવતાં. શરિર, મન અને બુદ્ધિનો વિકાસ થાય તેવી કેળવણી મળતી.

હર્ષવર્ધનના કાળમાં એટલે સાતમી સદીમાં ભારત કેળવણીમાં અગ્રસ્થાન ભોગવતું. તક્ષશિલા, ઉજ્જયનિ, બનારસ, અને નાલંદામાં જુદા જુદા જ્ઞાન માટે—વિષયો માટે મહાવિદ્યાલયો હતાં, જેમાં કુમાર અને કુમારીઓને કેળવણી લેવા મોકલવામાં આવતાં. કુમારોને તેના ક્ષેત્રને લાયક અને કુમારીને તેના ક્ષેત્રને લાયક કેળવણી આપવામાં આવતી. આ ઉપરાંત કોઇ કુમારી લડાયક, હરિયાઇ, આકાશી કે વ્યાપારી કેળવણી લેવા ઇચ્છતી તો તેને પણ તે કેળવણી અપાતી. તેમ જો કોઇ કુમાર રંધણકળા અને ગૃહવ્યવસ્થાની કેળવણી લેવા ઇચ્છતો તો તેને પણ તે કેળવણી અપાતી. આ આપણા ભૂતકાળની કેળવણીના ઝળહળતા ઇતિહાસની પૂર્તિ માટે થોડાંક દૃષ્ટાંતો જોઇએ.

## ગાર્ગી

ભારતવર્ષમાં ગાર્ગી વિદુષી અને જ્ઞાનવતી સ્ત્રી ગણાય છે. મિથીલાના રાજા જનકની સભામાં બ્રહ્મજ્ઞાનની ચર્ચા માટે સભા ભરાતી. માત્ર પુરૂષોજ સામેલ થતા એમ નહી; સ્ત્રીઓને પણ તેવી સભામાં હાજર થવાની અને વાદવિવાદ કરવાની છુટ હતી. ગાર્ગીએ એવી એક સભામાં યાજ્ઞવલ્ક્ય મુનિને પ્રશ્નો પૂછી તે 'અજ્ઞ' છે, તેમ આખી સભાને સાબિત કરી આપ્યું હતું. આવી અનેક સભામાં ગાર્ગી જતી અને જે વિષયની ઋષિ મુનિઓ સાથે વાદવિવાદ કરતી, તે વિષયમાં ઋષિઓ કરતાં ગાર્ગીનું જ્ઞાન વધારે સારૂં સાબીત થતું.

## મૈત્રેયી

આ સન્નારી યાજ્ઞવલ્ક્ય મુનિનાં પત્નિ હતાં. તેમણે પણ ધાર્મિક અને તત્વજ્ઞાન મેળવ્યું હતું. યાજ્ઞવલ્ક્યે વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કર્યો ત્યાર પછીનું જીવન મૈત્રેયીએ તત્વજ્ઞાનની ચર્ચામાં અને નિત્ય નિયમિત સાધનામાં પોતાનું જીવન ગાળ્યું હતું. પોતાના પિતા મિત્રમુનિનાં વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે કામ કરીને પોતાના જ્ઞાનનો લાભ બીજાઓને પણ આપ્યો હતો.

## સરસ્વતી

શંકરાચાર્ય અને મંડનમિશ્રનો સંવાદ થયો ત્યારે તેનો ન્યાય કરવા માટે સરસ્વતિને (તે મંડનમિશ્રની સ્ત્રી હોવા છતાં) ન્યાયાધિશ બનાવી હતી. તેણે યોગ્ય ન્યાય આપ્યો હતો.

## લીલાવતી

ભાસ્કરાચાર્યની એ કન્યા હતી. નાની વયમાં વિધવા થવાથી તેના પિતાએ તેને ગણિત અને જ્યોતિષશાસ્ત્રનું શિક્ષણ આપ્યું હતું. અંકગણિત અને બીજગણિતમાં તેણે ઘણી પ્રવીણતા મેળવી હતી.

અન્ય દેશોની પ્રજા કે જે આજે સુધરેલા અને (ક્રમ-

---

કીધું; પછી તાકાત નથી ગુજરાતના કોઈ લેખકની કે જૈન ધર્મના પાત્રોને ચોરી નાખે. હવે તો આપણે વિકાસક્રમમાં આગળ વધવાનું છે.

સમાજના અનિષ્ઠ બંધનો, વિધવાના આંતરનાદો, સાધુ જીવન, અને સાહિત્ય વિ. ના પરિવર્તનોની વાત કરી પણ એ પરીવર્તન કેમ થઇ શકે એ જરૂરનું છે. જેમ આપણે દરેક બાબતમાં છૂટ મૂકતા જઇએ છીએ તેમતેમ વધારે સ્વચ્છંદતા લેતા જઇએ છીએ. પરીવર્તન માટે આપણે આત્મ બલીદાનની શક્તિ કેળવવી પડશે. અને એમાં જો ફત્તેહમંદ થઇશું તો જરૂર પ્રગતિ સાધીશું. સમાજના સુત્રધારો અને સાધુઓમાં પરીવર્તનની પ્રગતિ જોશભેર વધે એ આશાએ આ મ્હારો ટુંકો લેખ બંધ કરું છું.

સત્તાક રાજ્ય માટે મગરૂબી લે છે. તેઓ જ્યારે પ્રાથમિક અવસ્થામાં હતા ત્યારે આપણા ભારતવર્ષમાં લીછવી રાજ્યે પ્રજાસત્તાક રાજ્ય સ્થાપી તેના પ્રમુખ તરીકે એક સ્ત્રીની પસંદગી કરી હતી. મુસ્લિમોનાં આવવા સાથે અનેક પ્રકારનાં જુલમોથી સ્ત્રી રક્ષા માટે બાળલગ્ન, ઓઝલ પડદા, અને ધર્મને નામે સતી થવાના કુરિવાજો હિન્દુ જાતીમાં પેઠા. તેણે સ્ત્રી કેળવણીને રૂંધી—સ્ત્રી પ્રગતીને અટકાવી...સગવડતા ખાતર દાખલ કરેલા રિવાજો હમેશને માટે રૂઢ બન્યા અને સ્ત્રી કેળવણી બંધ થઇ—નામની પણ ન રહી.

## પ્રગતિને પગલે—

રાજા રામમોહન રૉય ઇ. સ. ૧૭૭૨ ના મે માસની ૨૨ મી તારીખે બંગાળ ઈલાકાના રાધાનગર ગામમાં જન્મ્યા હતા. સ્ત્રીઓની આઝાદી માટે પોતાનાં જીવનમાં એ વીર ઝુઝ્યા. સતી થવાનાં ઘાતકી રીવાજને બંધ કરાવવામાં ફત્તેહમંદ થયા એટલુંજ નહિ પણ સ્ત્રી પ્રગતિ માટે ઝુંબેશ ઉઠાવનાર તે જમાનામાં તે આદ્ય પુરૂષ હતા, ત્યાર બાદ કેશવચન્દ્ર સેન, સ્વામી દયાનન્દ સરસ્વતિ, સ્વામિ વિવેકાનંદ વગેરે સુધારકોએ સ્ત્રી કેળવણી માટે નંખાયેલા બીને સિંચ્યું. વખત જતાં સ્ત્રી પ્રગતિ—સ્ત્રી કેળવણી માટે વધારેને વધારે પ્રયાસો થતા ગયા.

## વર્તમાન સ્ત્રી કેળવણીથી થતાં ફાયદા—

મધ્ય યુગમાં સ્ત્રીઓની પડતી અને સામાજીક રીવાજોની રૂઢતાએ ચાલેલી જડતાથી જે આપણો પ્રાચીન યુગ ભુલાઇ ગયો હતો તે બધા માટે **બુઝાએલા આત્મામાં ફરી જ્યોત પ્રકટાવવાનું પગથીયું** આ કેળવણીએ દેખાડ્યું છે. સ્ત્રીઓ માટે પુરૂષોએ કરેલા નિર્દય કાયદા સામે બળવો કરી પોતાનું સ્થાન લેવાજ **હિમ્મત સ્ત્રીઓમાં આવી છે.**

અક્ષરજ્ઞાન વધવાથી વાંચન વધે છે, લખતાં વાંચતાં આવડે છે. સ્ત્રીઓ લેખક અને ભાષણકર્તા બની શકે છે. આને અંગે સ્ત્રીઓ રાજકારણમાં અને સમાજજીવનમાં પુરૂષોના જેટલોજ ભાગ લઇ શકે છે. પોતાના વિચારો સ્પષ્ટપણે બહાર રજુ કરી શકે છે. રાજકારણમાં અને સમાજમાં પોતાના હક્કની માંગણીનો સામનો કરે છે. દેશ સેવા અને સ્વદેશીની ભાવના જાગ્રત થવા લાગી છે.

કોલેજોમાં સહકેળવણી મળે છે તેથી સ્ત્રી પુરૂષનો ભેદભાવ ભુલી જઇ એક બીજા માટે સમાન ભાવના અને માનવૃત્તિ જાગ્રત થાય છે. પુરૂષોથી ખોટી રીતે શરમાવાની ભાવના અને બીક ચાલી જાય છે.

પુત્ર અને પુત્રી વચ્ચેનો ભેદભાવ ભુલાઇ જાય છે. બન્નેને સરખી કેળવણી આપવાનાં વિચારો ફેલાયાં છે.

ખોટા વ્હેમો, પરનિંદા વિગેરે સ્ત્રીઓમાં ગણાતાં દુષણો ચાલ્યા જાય છે. બાળલગ્ન, વૃધ્ધલગ્ન, રડવા કુટવાના રિવાજો, ન્યાતવરા, અસ્પૃશ્યતા અને ધર્માંધતા, કે જે મધ્યયુગથી પ્રગતિને રૂંધી બેઠા છે તેની સામે થવાનું બળ પણું સ્ત્રીઓમાં આવ્યું છે.

કેળવાયેલી સ્ત્રીઓ, વહુ અને પુત્રીને પણ સમાન ગણે છે. તેના પરિણામે વહુ પણ સાસરામાં પીયરના જેટલીજ સ્વતંત્રતા ભોગવી શકે છે.

## સ્ત્રી કેળવણીની જરૂર

હજી પણ ઘણે ઠેકાણે "સ્ત્રીઓએ ભણીને શું કરવું છે?" એ પ્રશ્ન સંભળાય છે. ભણવાની જરૂર કમાવા માટેજ છે તેવી માન્યતા લોકમત માનતા આવ્યા છે, અને તે અજ્ઞાનતાજ તેમને આ પ્રશ્ન પુછવા પ્રેરે છે, અને કહે છે કે સ્ત્રીઓને ક્યાં કમાવા જવું છે તે વળી ભણવાની જરૂર પડે? જીવનમાં મનુષ્ય તરીકે જીવવા માટે કેળવણીની જરૂર તો જેટલી પુરૂષોને છે તેટલીજ સ્ત્રીને પણ છે.

ઉગતા જમાનાના બાળકો ઘણેરે સ્ત્રીને સોંપ્યા છે, તેથી તેને કેળવવા માટે દરેક પ્રકારની કેળવણી સ્ત્રીઓને આપવાની જરૂર છે. બાળકની પ્રથમ શિક્ષિકા માતા છે, એટલેથી અટકવાનું નથી, પણ નિશાળમાં ગયા પછી પણ બાળકોનાં ઘણાં પ્રશ્નોના જવાબની તૈયારી શિક્ષક તરીકે માતામાં હોવી જોઇએ.

સ્ત્રી કેળવણી માટે આજે પણ બે મત છે. ઘણાં એમ પણ કહે છે કે સ્ત્રી કેળવણી અને પુરૂષ કેળવણી એમ ભિન્ન શાને? સ્ત્રીઓને ગૃહકાર્યના જીવનમાંજ જીવાડવી તે વિચાર સંકુચિત અને એકપક્ષી છે. સ્ત્રીઓને પણ પુરૂષોના જેટલાજ જીવનનાં દરેક ક્ષેત્રને લાયક કેળવણી આપવી જોઇએ. સ્ત્રી સ્વાતંત્ર્ય પણ આર્થિક સ્વતંત્રતાપર વધારે આધાર રાખે છે. સ્ત્રી જો કમાવામાં અશક્ત હોય તો તે પતિપર આધાર રાખે છે. તેથી પરાધીન બને છે. સ્ત્રી અને પુરૂષનું મિલન સંપૂર્ણ સ્વતંત્રતા અને મિત્રભાવે હોવું જોઇએ. આ પ્રમાણે ઘણાંની દલીલ છે.

જો સ્ત્રી પુરૂષની ભાવનાજ મિત્રભાવે હોય અને એકબીજાને ઉંચા નીચા ન માને ત્યાં સ્ત્રી પરાધીન છે તે ભાવનાજ ન ઉદ્‌ભવે. જ્યાં આદર્શ ગૃહજીવન જીવાતું હોય ત્યાં એ પ્રશ્નજ ન રહે. સ્ત્રીઓ માત્ર ગૃહકાર્યમાંજ જીવે એ હેતુ તો નજ રહેવો જોઇએ. પોતાનું કર્તવ્ય બજાવતાં ફાજલ પડતા વખતમાં બીજા અનેક કાર્યોમાં પણ સ્ત્રીઓ જરૂર ભાગ લઇ શકે.

કોઇ સ્ત્રીનું માનસ કમાવાના ક્ષેત્રની તરફ વળે તો તેને માટે પ્રતિબંધ ન હોવો જોઇએ, હવેના જમાનામાં તો સ્ત્રીઓને સામાજીક અને રાજકિય કાર્યોમાં પણ ભાગ લેવાનો રહે છે. સ્ત્રીઓનાં સાથ વગર સમાજ સુધારા એકલા પુરૂષોથી થવા અસંભવિત છે. તેથી સ્ત્રી અજ્ઞાન હોય તો સાથ આપવામાં નબળી નીવડે. તેજ પ્રમાણે રાજકારણમાં પુરૂષો એકલા કશું કરી શકે નહિ. આ હિસાબે સમાજમાં પોતાના સ્થાનને દીપાવવા માટે સ્ત્રી કેળવણી ઉત્તમ પ્રકારની હોવી જોઇએ.

"મોટીબ્હેન."

---

**જૈનોએ પરદેશી યા મીલના કાપડ કરતાં ખાદીને ઉત્તેજન આપવું જોઇએ, ખાદીથી દેશનો પૈસો જળવાય છે ધાર્મિક આચાર પાળી શકાય છે. અને એની કીંમતનો મોટો ભાગ ગરીબ ભાઇબ્હેનોને અન્નવસ્ત્ર પૂરાં પાડે છે. માટે ગાંધી જયન્તીમાં ખાદી વાપરવાનું રખે ચૂકતા!**

---

૧૮૫૧ માં ભારતવર્ષની વસ્તી લગભગ ૧૮ કરોડ હતી. ૧૯૨૧ માં ૩૧ કરોડ થઇ. અર્થાત્ ૧૮૫૧ થી જોતાં ભારતની વસ્તી ૮૫ વર્ષમાં બમણી થઇ.

વસ્તી દર ૨૫ મે વર્ષે બમણી થાય છે, પણ અન્ન વિગેરે ખાવાના પદાર્થોની ઉપજ એટલી ઝડપથી નથી વધતી.

# "છોકરીએ થસીને કાપ્યું."

લે.—"સુધાકર"

"......એ તો એમ છે, કે દુનિયા કહે તેવું બોલે. જગતની કે જીભ ઝલાય છે."

શહેરના મોટા રસ્તાપરથી પસાર થઇ એક વિશાળ પોળના દરવાજા પાસે ઉભી રહી બે વૃદ્ધ સ્ત્રીઓ વાતો કરી રહી છે:

"......અને મ્હારી બ્હેનની પન્ના એકલીજ હું ધારું આપણી ન્યાતમાં કુંવારી છે! પણ શા રીતે શોભે! એને..."

"તમારું કહેવું સાચું છે. હું ક્યાં નથી જાણતી! હું તો રોજ મ્હારી બ્હેનને ખારડી માફક સારું છું. પણ મ્હારાં બ્હેન બનેવીનું ચાલે છેજ શું? પેલો અમારો નવનીતીઓ મોટો સુધારક થઇ બેઠો છે. તે કોઇનુંય માને ત્યારેને?—શું કહું તમને? મ્હારી બ્હેન તો બિચારી શરમની મારી ઝાઝું બહારજ નીકળતી નથી. અને..."

એટલામાં થોડે દુર કોઇ આવતું જણાય છે. ધીમા અવાજે ચાલતી વાત બંધ રહે છે.

"કેમ માસીજી! અતિક્રમણ કરી આવ્યાં" આવનારે પુછ્યું.

"હા...કોણ કમળા વહુ?...તું અત્યારે ક્યાંથી?"

"મ્હારી બા અમદાવાદથી સાંજની ગાડીએ આવ્યાં છે. તેમને મળવા ગઇ હતી"

"સારું કર્યું...અમદાવાદ બધા ખુશીમાં છેને?" એમ પુછી માસીજી વાત ફેરવે છે;

"કોઇ દહાડો માસીજીની ખબર કોતી છે? રસ્તામાં મળ્યા એટલે મોઢાની ઓળખ બતાવી દીધી! મ્હારી બ્હેનને આઠમ હોય કે ચૌદસ હોય ઘરનો ઉંબરો છોડવો નહિ અને અપાસરાનો ઓટલો ચઢવો નહિ."

"મારા, માસીજી ઓળિજ બોલશો કે? પડોશીમાં આવી હોઉં તો મળ્યા વગર કોઇ દિવસ ગઇ છું? અને મ્હારાં સાસુજી તો પન્નાબ્હેન રોક્યા પછી ઝાઝું બહાર જાય છેજ ક્યારે?" કમળાવહુએ હસતાં હસતાં પ્રત્યુત્તર વાળ્યો.

"ના, ના, ગાંડી એ તો જરા હું હસું છું, અને તેય મ્હારો સ્વભાવ હું જાણું છું તેથી." એમ કહી માસીજી કમળાવહુને પાસેના ઓટલા તરફ ખેંચી જાય છે. અને— "જરા બેસ તો ખરી પગ દુખશે!" એમ કહી બેસવાનો આગ્રહ કરે છે. કમળા અને તેનાં માસીજી ઓટલાપર બેસે છે. એટલે બીજી વૃદ્ધા "બેસો ત્યારે હું જઉંછું" એમ કહી ચાલવા માંડે છે. વૃધ્ધા જાય છે એટલે માસીજીની જીભ પણ ચાલવા માંડે છે.

"જોને, કમળાવહુ! હવે તો મ્હારી બ્હેનના ઘરની આબરૂ ત્હારે હાથ છે; લોકોની જીભે બહુ ચઢવું સારું નથી હોં! હવે તો લોકો કહેરેને અપાસરે, જમણવારમાં કે કોણ મહોલ્લાઓમાં પન્નાનીજ વાતો કરે છે. મારાથી તો હવે નથી સંભળાતું બ્હેન!" પછી માસીજી જરા રોષમાં આવી જાય છે.

"—એ પન્ના એ મરી ગઇ હોતને તો મ્હારી બ્હેનને હું એમ જાણાવત કે દીકરી હતીજ નહીં. પણ આ અઢાર વર્ષની દીકરી રાંડી એ તો જીવતા સુધીનો બળાપો. મ્હારાં બ્હેન બનેવી બન્નેને એ "રૈયા સગડી" જોવાની અને ભિખારીને દાઝવાનું. અરેરે! એમને કશા વારેજ ન સુઝ્યું" માસીજી આંખમાં આવેલું એકાદ આંસુ સાડલાના છેડે લુછી નાખે છે: આગળ—ડચકાને મપને પાછું વાળે છે: અને દીલની વાત ચાલુ કરે છે: "ખરું કહું?...તને ખોટું લાગશેજ પણ કમળાવહુ! બધો વાંક મારા ભાણેજનો છે, તે દરેક વાતમાં મોટો સુધારક બની જાય છે. એ મ્હને જરાય ગમતું નથી. પન્ના તેર વર્ષની થઇ ત્યારેજ મેં ચાર ઠેકાણાં બતાવેલાં પણ એને એકેય ન ગમ્યું. કહી કહીને મ્હારી જીભ કુચો વળી ગઇ પણ નિશાળ ન છોડાવી. અને બ્હેને પરણવાની 'હા' કહી ત્યારેજ સત્તરમે વર્ષે પરણાવી......... પુરું વર્ષ પણ પરણ્યે ન થયું ત્યાં રાંડી. સંસારનું સુખ એણે શું દીઠું?......બ્હેન, એ તો પાંચ વરસ સંસાર માંડ્યો હોય તો અત્યારે બે છોકરાંની મા હોય! છોકરાંની આળપંપાળમાંથી નવરીજ ન થાય એટલે ત્હેને પણ આકરું ન લાગે, આ તો શું કહું......હવેનો વખત બહુ ખરાબ આવ્યો છે. છોકરી ભણી ગણી છાપાં વાંચે, પુસ્તકો વાંચે, છુટથી હરે ફરે, ભોગે ભાગે તેનાં ફળ સારાં નહીંજ આવવાનાં. અને તેય રાંડી દીકરીને આવી છુટ આપો એતો સત્યાનાશનોજ રસ્તો. બીજું શું?"

માસીજી આટલા બધા પ્રવચન બાદ જરા અટકે છે. છીકણીનો સડાકો મારે છે, અને પાછાં ભાણેજવહુને શીખામણના બે બોલ સંભળાવે છે:

"વહુ! લોકો પાછળ બોલે, મ્હારા જોઈને પેટમાં બળે તે મોઢે કહે. માટે હવે જરા સમજે તો સારું."

"હારતો, જેના પેટપર સાપ પડ્યો હોય તે ઉછાળે" માસીજીના લાંબા પ્રવચનનો જવાબ ઉપલી કહેવતદ્વારા આપી કમળા મૌન રહે છે:

"વાત ખરી છે. પણ—" માસીજીની જીભ પાછી ચાલવા માંડે છે.

"મ્હારું કહેવું એમ છે, કે તું મ્હારા ભાણેજને જરા દુનિયામાં લાવે તો સારું. અને એ 'રૈયાસગડી' ઉપર દાબ રાખી તેને જરા ધર્મધ્યાન તરફ વાળે તો સારું. આ આપણા કમળાથી જેવાં સ્ત્રી મ્હારી જીંદગીમાં મ્હેં જોયાંજ નથી. જરા લ્હેમની પાસે જાય, આવે ત્હોય કેટલું સારું. અને— અને એ કન્યાશાળાની છોકરીઓ નથી ભણે તો પડશે ચુલામાં. આપણે શું? આપણું નાક ન કપાય તે પહેલું જોવાનું સમજી!......અમે તો ઘરડાં થયાં. તમે અમને ગણો નહિં પણ જીવ ન રહે એટલે કહી છુટીએ. અમારું કે જોર છે, બા." એમ કહી માસીજી શ્વાસ લે છે. માસીજીના પ્રવચન છેડે વિરામ ચિન્હ ક્યારે મુકાશે તેની રાહ જોતી કમળા તરતજ ઉભી થાય છે અને માસીજીની રજા લે છે.

"ઠીક ત્યારે માસીજી હું તો જઉંછું. બહુ મોડું થયું છે."

"હા, બા, જા." માસીજી પણ ઉભાં થાય છે. કમળા ચાલવા માંડે છે. કશોય સંતોષકારક જવાબ ન આપતાં કમળા ચાલવા માંડે છે, તે જોઇ નિરાશ થયેલાં વૃધ્ધ અને ધર્મી જીવ ગણાતાં માસીજી ઉઠીને ઘર તરફ પ્રથમ પગલું માંડતાં આશ્વાસન અર્થે ઉચ્ચારે છે, "અરિહંત!"

## શ્રી પાટણ જૈન મંડળ બોર્ડિંગ અંગે ખુલાસો.

[ સેક્રેટરીઓ તરફથી આવેલા પત્રના ખુલાસામાંથી ]

તા. ૧-૯-૩૪ ના "જૈન જ્યોતિ"માં "બોર્ડિંગના અસંતોષની ચર્ચા" એ શિર્ષક હેઠળ શ્રાવણ સુદી ૧૪ ના સાગરના ઉપાશ્રયે વ્યાખ્યાન વખતે એક ભાઇ તરફથી જે ચર્ચા ઉપસ્થિત કરવામાં આવી હતી, તેનો હેવાલ પ્રગટ કરવામાં આવ્યો છે.

જે ભાઇએ વ્યાખ્યાનમાં ચર્ચા ઉપસ્થિત કરેલી તે ભાઇએ સંસ્થાની વ્યવસ્થા અંગે અમને એક પણ પત્ર લખી કોઇપણ જાતની સૂચનાઓ કે ફરીયાદો કરી નથી, પરંતુ તે ભાઇનો પત્રવ્યવહાર તેમની અંગત બાબતનો હોવાથી પ્રસ્તુત ચર્ચા ઉત્પન્ન કરવામાં તેઓ ખરેખર સંસ્થાનું અહિત કરી રહ્યા છે. સંસ્થાની વ્યવસ્થા અંગે બે પત્રો મુંબાઇ આવ્યા બાદ અમે અમારી કાર્યવાહક સમીતિની મીટીંગમાં રજુ કરી યોગ્ય ખુલાસો કર્યો હતો. અને અમારા ખુલાસાથી સંતોષ પામી અમારી કાર્યવાહક સમીતિએ તે બે ભાઇઓને નીચે મુજબ જવાબ આપવા સર્વાનુમતે ઠરાવ કર્યો છે કે "આ બાબતમાં કાર્યવાહકોએ યોગ્ય તપાસ કરી છે; અને તે સંબંધી બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડન્ટને ઘટતી તાકીદ તથા સુચનાઓ આપવામાં આવી છે. જેથી વાકેફ થશો.

આથી એ જોઇ શકાય છે કે સુચનાઓ આપનાર ભાઇઓ તરફથી આ ચર્ચા ઉપસ્થિત કરવામાં આવીજ નથી. પરંતુ એક ત્રીજીજ વ્યક્તિ પોતાના અંગત કારણને અંગે આ ચર્ચા ઉપસ્થિત કરી સંસ્થાદ્વારા સમાજના હિતને નુકશાન કરી રહી છે. ... ...

આવી રીતે નિરર્થક ચર્ચાઓ ઉત્પન્ન કરવા કરતાં સંસ્થાના વહીવટ કે વ્યવસ્થા અંગે જે કોઇને કાંઇપણ યોગ્ય ફરીયાદ કે સૂચના કરવાની હોય તે ખુશીથી અમને કરી શકે છે. અને તે અંગે યોગ્ય ને ઘટતું કરવાની અમે અમારી ફરજ સમજીએ છીએ. તો આશા છે કે આવી વજુદ વિનાની ચર્ચાઓ ઉપસ્થિત કરી જનતામાં ગેરસમજ ઉત્પન્ન કરવી એ કોઇપણ સુજ્ઞ જૈનો માટે શોભાસ્પદ નથી.

અમને દુઃખ થાય છે કે—ગુજરાતમાં ગણી ગાંઠી સંસ્થાઓ પૈકી પાટણના ભૂષણ સમાન આ સંસ્થાને ઉતારી પાડવામાં સમાજના હિતને નુકશાન થઇ રહ્યું છે. સમાજના હિત પરત્વે પોતાની સેવા આપતી આવી સંસ્થાઓને પગભર કરવામાંજ પોતાની શક્તિ અને બુદ્ધિનો ખર્ચ કરે, એજ અભ્યર્થના.

## શ્રદ્ધા અને બુદ્ધિ.

શંકા એ તો સર્વે દર્શનશાસ્ત્રની માતા છે, શંકા થઇ એટલે જાણો કે દર્શનશાસ્ત્રનાં દ્વાર ઉઘડ્યા; બાકી નરી શ્રદ્ધા એ તો જડતા છે. જેમ નર્યો વિનય—અતિ વિનય ભિરૂતા છે એમ. બુદ્ધિનાં દ્વાર જ્યાં બંધ થાય છે, ત્યાંથીજ શ્રદ્ધાનાં એટલે જડતાનો અંધારા ખંડમાં માણસ પગલાં ભરવા માંડે છે. અંધારામાં સર્વ પ્રકારના ભય છે. અજાણ્યા પાણીમાં માત્ર શ્રદ્ધાથી તો કોઇ પગ ન મૂકે. જે પ્રજા નરી શ્રદ્ધા રાખીને પોતાના બુદ્ધિક્ષેત્રનો પ્રદેશ ધર્મગુરૂને, સમાજગુરૂને અને રાજગુરૂને સોંપી સંપ્યાકાળે નિરાંતે સુએ છે, તે સંસારમાં કદી જાગતીજ નથી કે જાગે છે તો પોતાને મરણપથારીએ સુતેલી જુએ છે. માટે જ્હેને ત્હેને ઉન્નતિની અપેક્ષા છે તે સૌએ બુદ્ધિ ચલાવવીજ જોઇશે. ભયંકર દેખાતી પણ બુદ્ધિ—પ્રચંડ બુદ્ધિ ચલાવવીજ જોઇશે હિતને કારણે. ભલે તમારૂં આખું શરિર પાણીમાં ડુબ્યું રહે; પણ માથું તો પાણી ઉપર તારવવુંજ જોઇશે; જો તમારે જીવવું હશે તો, નિરંકુશ અનિરુદ્ધ બુદ્ધિ ચલાવવી જોઇશે. સમાજ તમને બંડખોર કહેશે. પણ સમાજને એ બંડખોરોએજ ધકેલીને આગળ ખસેડ્યો છે, એ વાતની સાખ જગતનો ઇતિહાસ પુરશે.

x x x x

બુદ્ધિ શંકા ઉઠાવી જ્ઞાનને બળે ધર્મ ઉપર વિજય મેળવે, મહાજાળથી તેને ત્યાંથી હડસેલીને જરા દુર કરે ને તે પ્રદેશ ઉપર પોતાનો અધિકાર સ્થાપે. આમ કરતે કરતે બુદ્ધિજ્ઞાન આજે શ્રદ્ધાધર્મને એક સાંકડા પ્રદેશમાં લાવી મુકીને પોતે વિશાળ પ્રદેશમાં પોતાનું રાજ્ય ચલાવે છે. દિલ્હીની મોગલાઇ જ્યારે ભાગવા લાગી ત્યારે બીજા નાના ગણાતા રાજાઓ, સમ્રાટ ગણાતા મોગલના આસપાસના સર્વે પ્રદેશોને દબાવી બેઠા; મોગલ બાદશાહ પાસે તો પાટનગર દિલ્હી અને તેની આસપાસનો સાંકડોજ પ્રદેશ રહ્યો. આજે ધર્મની પણ એવીજ અવદશા થઇ પડી છે. ઇશ્વર, આત્મા, પુણ્ય—પાપ, સ્વર્ગ—નરક વગેરે થોડાજ પ્રદેશો તેની પાસે રહ્યા છે; બાકી સમસ્ત વિશ્વની વૈજ્ઞાનિક ઘટનાના સમસ્ત વિષય બુદ્ધિજ્ઞાને પડાવી લીધા છે. ગ્રહણ કયા કારણોથી થાય છે, ભૂગર્ભમાંનાં અમૂક પડ ક્યારે, કયે ક્રમે અને કયાં કારણોએ બંધાએલાં, જ્વાળામુખી શાથી ફાટે છે અને ધરતીકંપ શાથી થાય છે, એ પ્રશ્નના ઉત્તરો આપવાનો અધિકાર હવે ધર્મને નથી રહ્યો.

**—નરસિંહભાઇ ઇ. પટેલ.**

**વૈધવ્ય**—અનુ. . પા. ૧૭૮ થી માટે પણ પુનર્લગ્નની જરૂરીયાત છે." હું કહું છું કે જો આટલીજ ખાતર પુર્નલગ્ન કરવાને બ્હેનોને ઉત્તેજન આપવાનો વિચાર હોય તો ભલેને આખી કોમ નાશ પામે. પણ વૈધવ્ય પાળતી બ્હેનોને આ માટે પરણવાનું કહી સ્ત્રીજાતિનું હડહડતું અપમાન નજ કરવું જોઇએ. સ્ત્રીજાતિ શુધ્ધ બ્રહ્મચર્ય પાળવા તૈયાર હોય તો દુનિયાનો નાશ પણ ભલે થાય, પુરૂષને કન્યા ન મળે માટે વિધવાએ પરણી લેવું જોઇએ, અને સંતાનોત્પત્તિ કરવીજ જોઇએ? પુરૂષ જાતનું માનસિક અધઃપતન પણ ક્યાં ઓછું છે? પુનર્લગ્ન એ પ્રશ્ન બ્હેનોનોજ છે. એમની સ્વેચ્છાજ એ લગ્ન કરે, એમની ઇચ્છાએ વૈધવ્ય પણ ખુબ આનંદથી ભલે પાળે પુનર્લગ્ન ઇચ્છતી બ્હેને સમાજ હડધૂત ન કરે એટલુંજ જોવાનું છે.

વિધવાની સ્થીતિ 'સુડી વચ્ચે સોપારી' જેવી છે એ સમાજમાં એ સુરક્ષિત નથી અને એ નથી ધર્માલયોમાંએ. એક બાજુ વિકારી સમાજ માનવો અને બીજી બાજુ વિકારી વૈરાગીઓ. વિધવાની સ્થીતિ વિધવાએજ સમજવાની જરૂર છે. વિધવાઓ સ્થાપે જેને લગ્ન કરવું હોય તો તે કરવા દે, જેને સમાજની દયાની દેરીઓ બનવું હોય તેને તેમ કરવાની છુટ આપે જુના ચીલાછોડી નવાની કેડી દાખલ કરવાડે એવા કોઇ મહાવીર, સ્ત્રીજીવનના દોઝખનો અંત લાવે તો આપણે ગાયાજ કરીએ "**સાતે નર્કે થયાંરે અજવાળાં.**"

નારી જીવનનાં જીવતાં દોઝખની આ લેખમાળા અહીં પૂરી થાય છે.

**ડાહ્યાલાલ વી. મ્હેતા.**

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબાઇ નં. ૨ તરફથી જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

સમિતિના સભ્યોને.

Reg. No. B. 3220




વાર્ષિક લવાજમ ૧-૮-૦ ] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર [ વર્ષ ૧ લું અંક ૨૦ મો.
છુટક નકલ ૧ આનો. ] તંત્રીઃ મણીલાલ એમ. શાહ. [ મંગળવાર તા. ૧૬-૧૦-૩૪

# સડેલાં કલેવર.

એક પ્રભાતે શરીરે ફોડકી દેખા દે છે. બેદરકારીથી ત્રીજે ચોથે પ્રભાતે એ ગુમડામાં પરિવર્તન પામે છે. એ પાકે છે, સડે છે, એમાં પરૂ થાય છે અને વેદના વધતી જાય છે.

ડૉક્ટર આવે છે. ગુમડું જુએ છે. ગુમડાને સ્પર્શે છે ને દર્દી ચિસો નાખે છે. એની ચામડી એટલી નાજુક બની ગઈ હોય છે કે ડાક્ટરનો સુંવાળો સ્પર્શ પણ એને સોયા ભોંકતો હોય એટલો જીવલેણ જણાય છે.

એ તરફડીયાં મારે છે, એ રાડો પાડે છે, ચક્ષુ મિંચે છે, એ ગુસ્સે પણ થાય છે--- પણ ડૉક્ટરનું કાર્ય ચાલુજ રહે છે—એ ગુમડાપરની ચામડી તિક્ષ્ણ ધારે કાપે છે, દબાવી દબાવી એ પરૂ બહાર કાઢે છે, હંમેશાની ટેવથી જરાક કઠોરતાપૂર્વક દાબી એ લુંછે છે, ઉકળતું ગરમ જળ રેડી એ ગુમડું ધુએ છે.

**ચીસ,** ગુસ્સો, તરફડાટ ડૉક્ટરને સ્પર્શતાં નથી—કારણકે એને એની ફરજ બજાવવાની હોય છે. એની ભાવના વધુ સડાને રોધવાની છે. હૃદયહિન લાગતો ત્હોયે એનો માર્ગ કૃપાનો છે.

**ગુમડાંના** દર્દીની દશા કરતાં આપણા સ્થીતિચુસ્તોની દશા સારી નથી. અંધિયાર હવામાં રહી રહીને, એમનાં કલેવર સડવા માંડ્યાં છે. અને જ્યહારે સડો લાગે છે, પાકવા આવે છે ત્યહારે સાવ સ્વાભાવિક રીતે સુંવાળપ પણ પ્રવેશે છે.

**એટલેજ** સઘળા વિકાસના વિરોધક એમને દુશ્મન લાગે છે. અંધિયાર કિલ્લામાં અંધાર વિદારી સૂર્ય પ્રકાશને આવકારનાર એમને શ્રધ્ધાહિન લાગે છે. અનાચાર સ્હામે શેર રેડી વિશુધ્ધિ આદરનાર એમને પાપી લાગે છે. માનવ જીવનના વિકાસને વિચારનાર એમને 'શાસનદ્રોહિ' લાગે છે. બચાવને સારૂં એ તરફડીયાં મારે છે. કોઈ ન શકાય તે સારૂ એ આંખો મિંચે છે, ગુસ્સામાં ભાન ભુલે છે અને આમ ભાન ભુલેલા એ ગાળો પણ દે છે.*

**એ** અંધિયાર કિલ્લાના કેટલાક કોટવાળો પણ છે. એ આજ્ઞા કરે છે, **'જ્યોતિ'** પ્રવેશે નહિ માટે ચક્ષુ મિંચો, **'તરૂણ'** વેગમાં ખેંચી જાય નહિ માટે શરીર ખાટે બાંધી રાખો;---અને શુધ્ધિના માર્ગ બંધ કરી દો.†

**ચીસ,** ગુસ્સો, તરફડાટ ને કકળાટ એ એમના સ્વાભાવિક લક્ષણો છે, એથી ત્રાસીને, એથી કંટાળીને ચાલ્યા જવાનું, સુધારક ને લાજમ નથી એમ ચાલ્યા જનાર પર કુદરતના અભીશાપ ઉતરે. એમ ચાલ્યો જનાર એનો માર્ગ ભુલ્યો ગણાય.

**મક્કમ હાથે પણ હૈયે દર્દીનાં દર્દ એને નિવારવાનાંજ** છે. આ સ્થીતિચુસ્તતા મિટાવવાનીજ છે. અંધારે ગોંધાયલા આપણાં બાંધવ-ભગિનીઓને પ્રકાશમાં ફરતાં કરી દેવાનાંજ છે.

પ્રેમની મશાલ, દયાની ઢાલ, અને મક્કમતાની કુહાડી લઈ અંધિયાર કિલ્લાનાં ખુણેખુણાએ એને ખુંદી વળવાનું છે. દયાની ઢાલ એને અનિષ્ટ વાકપ્રહારથી રક્ષશે, પ્રેમની મશાલનાં તેજથી [illegible] બાંધવોનાં હૃદયને સ્પર્શવાનું સુગમ થશે, અને મક્કમતાની કુહાડી કિલ્લાના કોટવાળોને ડારતી, જંજીરોનાં બંધનોને કાપતી એનો માર્ગ મોકળો કરશે.

**-----અને ત્યહારે સડેલાં કલેવર પણ સુધરી ગયાં હશે. એ દીન જૈનોના પુનર્જીવનનો હશે.**

---

* 'વિરશાસન'નાં પાનાં જુઓ.

† આચાર્ય રામવિજયે 'જૈન જ્યોતિ' અને એનાં પ્રકાશનો નહિ વાંચવાની કેટલાક ભલાં માનવીને હમણાંજ આજ્ઞા દીધી છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)

# તરૂણ જૈન.

મંગળવાર, તા. ૧૬-૧૦-૩૪.

## સમિતિના સભ્યોને—

જૈન સમાજના ઉપયોગી ખાતાઓમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય અગ્રસ્થાન ભોગવે છે. સમાજને કેળવણીમાં ઉંચે સ્થાને લઇ જવામાં તેની કીમતી સેવાઓ છે. અમને તે સંસ્થામાટે સંપૂર્ણ માન છે અને લાગણી છે. હમણાં એના ધારા ધોરણની કલમ ૧૨ તેમ તેની પૂરતીમાં તા. ૨૭-૫-૧૯૩૪ ના રોજ તેની સામાન્ય સભાએ કરેલ ઠરાવના અમલ અંગે શ્રી. મ. જૈ. વિ. ની કાર્યવાહી સમિતિમાં મતભેદ જાગવાથી સામાન્ય સભા બોલાવી તેનો નિર્ણય કરવાનું નક્કી કર્યું છે. આથી શ્રી. મ. જૈ. વિ. ની સામાન્ય સભાના સભ્યો એ પ્રકરણથી વધુ માહેતી મેળવે અને બંધારણનો અમલ કરવાને પ્રયાસ કરે એ જોવા અમે આતુર છીએ. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ધારા ધોરણની બારમી કલમ આ રહી.

૧ "દશ વર્ષ સુધી દર વર્ષે ઓછામાં ઓછી રૂપીઆ એકાવન ની રકમ આપવાનું વચન આપનાર તે પ્રમાણે આપ્યે જશે ત્યાં સુધી તેને સામાન્ય સમિતિના સભ્ય ગણવામાં આવશે. અને તે પ્રમાણે દશ વર્ષ સુધી સહાય આપી દેનાર આ જીવન સભ્ય ગણાશે."

૨ "આ સંસ્થાના સામાન્ય ભંડોળમાં એક સાથે રૂપીઆ પાંચસે એક અથવા તેથી વધારે રકમની એકી સાથે સહાય કરનાર આ સંસ્થાની સામાન્ય સમિતિના આ જીવન સભ્ય ગણાશે."

તા. ૨૭-૫-૩૪ ના રોજ મળેલી સામાન્ય સભાએ કલમ બાર અંગે ચોખવટ કરનારો ખુલાસો નીચે મુજબ છે:—

"સામાન્ય સમિતિના સભ્ય પોતાના મેંબર તરીકેના હક્ક પોતાના સંયુક્ત અને અવિભક્ત કુટુંબના કોઇ સભ્યના નામે કરવા જણાવે તો તત્પરત્વે કલમ ૧૨ નો અર્થ શું કરવો તે બાબત રજુ થતાં ચર્ચા અને વિચારણાને અંતે ઠરાવ્યું કે જેના નામે પૈસા ભરવામાં આવ્યા હોય તે જીવે ત્યાં સુધી તે પોતે સભ્ય તરીકેના હક્ક ભોગવે અથવા જેનું નામ તે લખી મોકલે તે હક્ક ભોગવે."

ઉપર મુજબ સભ્યને લગતી કલમો વાંચ્યા પછી દરેક સભ્ય કબુલ કરશે કે જેના નામે પૈસા ભરવામાં આવ્યા હોય તે ત્યાં સુધી તે પોતે સભ્ય તરીકેના હક્ક ભોગવે અથવા જેનું નામ તે લખી મોકલે તે હક્ક ભોગવે.

પૈસા ભરનાર જીવે ત્યાં સુધીજ સભ્ય તરીકેના હક્ક ભોગવે એટલે તેણે જેનું નામ લખી મોકલ્યું હોય તે પણ પૈસા ભરનારની હૈયાતી પછી હક્ક ભોગવી શકેજ નહી એમ સ્પષ્ટ અર્થ થાય છે. છતાં પૈસા ભરનાર સભ્ય ગુજરી જવા છતાં તેમના તરફથી એક ભાઇ વિદ્યાલયની કાર્યવાહી સમિતિમાં પ્રતિનિધી તરીકે બેસેછે, અને જવાબદારી ભર્યો હોદ્દો ભોગવે છે તે બરાબર નથી અને નિયમ વિરૂદ્ધ છે. એ મુદ્દાની એક અરજી શ્રી મ. જૈ. વિ. ના એક સભ્ય મુંબઇ જૈન યુવક સંઘે તેના મંત્રીઓની સહીથી મોકલાવેલી. તે અંગે વિચાર કરવા કાર્યવાહી સમિતિ એકઠી થઇ ખૂબ ચર્ચા થઇ. આખરે સામાન્ય સભા ઉપર વાત છોડી છે. અમને નવાઇ તો એજ લાગે છે કે ઉપરોક્ત કાનુન એટલો સ્પષ્ટ છે છતાં આ મુંઝવણ શા માટે છે? સત્ય કહેતાં સમિતિના સભ્યો—ગભરાય છે? કે એ કલમની ચોખવટમાં મતભેદ છે? ગમે તે હો.

કોઇની શેહમાં કે લાગવગમાં આવ્યા સિવાય ચોખ્ખે-ચોખ્ખું કલમનું પાલન કરવાની અને કરાવવાની જરૂર છે. દુધ દહીંની મનોદશા રાખવાની ટેવ રહેશે, સાચું કહેતાં છોભ શેષવાઇ જશે ત્યાં સુધી આપણી પ્રગતી દુર છે.

ખુશામતીઆઓ. વાતોડીઆઓ ને ખુરશીતોડુઓને ભલે અળખામણા લાગો પરંતુ સાચું કહેવામાં પાછાં ડગ ન ભરતા.

સાવ સાદી સમજ પ્રમાણે પણ સભ્યની કલમનો અર્થ સાવ ચોખ્ખો છે. પૈસા ભરનારની હૈયાતી પછી તેના પ્રતિનિધિને સભ્ય તરીકે ચાલુ રહેવાનો અધિકાર રહેતો નથી એટલે એ અધિકારપરથી એમણે ફારિગ થવું જોઇએ—સભ્યોએ એમને ફારિગ કરવા ઘટે.

## નોંધ.

**ભુગડાં ખુંચવી લ્યો.**

સાધુસંસ્થામાં પેઠેલા સડા પ્રત્યે સાધુ સંમેલને કરેલ આંખમીંચામણાના પરીણામેજ સાધુઓ ઇચ્છાનુસાર વર્તી શકે છે. હાવે તેવાં કુકર્મો કરી શકે છે. છતાં વેવલા ભગતો શાસનહેલનાના બ્હાના નીચે તેવાઓને પોષે છે. એટલેજ છડેચોક તેવા નફટો મહાલી શકે છે.

સંવત્સરી જેવા પવિત્ર દિવસની રાત્રીએ પુષ્પવિજય નામનો સાધુ સ્ત્રી સાથે વ્યભિચાર કરે, મુદ્દા પુરાવા સાથે પકડાય, તેવાજ કુકર્મ માટે પુષ્પવિજય સાથે રહેતો ઉદયસાગર પણ તેવીજ રીતે પકડાય. આવો વેશ ખેંચી લેવાની તૈયારી કરે, ત્યારે યોગીરાજ શાન્તિવિજયજી 'શાસનહેલના'ના ઓઠા તળે એવા વ્યભિચારીઓની રક્ષા કરે—બચાવ કરે, એ તો સડાને પોષવા જેવું ગણાય.

સાધુસંસ્થાના સડાએ ગંભીર રૂપ પકડ્યું છે, તે ઓપરેશન માગે છે. છતાં તે સંસ્થાના મોવડીઓને કશી પડી નથી. જો તેમને શુદ્ધ અને ચારિત્રવાન સાધુસંસ્થાની જરૂર હોય તો જ્યાં જ્યાં સડો હોય એટલે સડેલાઓના વાસ હોય ત્યાંથી તેમને ઉંચકી સડો સાફ કરે અને એને ઉંચકવામાં એના કર્ણધારો મુંઝાતા હોય તો શ્રાવક સમુદાય લગાર પણ દયા દાખવ્યા સિવાય એ લંપટોના ભુગડાં ખુંચવીજ લે તેમાંજ સમાજની શોભા છે.

**સાગરજી સાવધાન !**

સાધુસંસ્થામાં સાગરજી હઠાગ્રહી તરીકે—દુરાગ્રહી તરીકે પ્રખ્યાત છે. કોઇપણ મનુષ્ય સિધ્ધાંતને ખાતર હઠ પકડે

એટલે લગાર પણ નમતું ન આપે તો સમજી શકાય તેવી વાત છે; પણ ચારિત્રનું પતન કરનાર સાથીઓના સાથ માટે કહાગ્રહી થાય તો એને સાધુ કહેવાય? માથું નમાવાય? આનંદવિજયના સાથ પછી સાગરજીની લીલાઓની જગતમાં ખુબ જાહેરાત થઇ. ભક્તોએ અને બીજાઓએ તેનો સાથ છોડવા ઘણી વીનવણીઓ કરી. તે ધ્યાનપર ન લેતાં દસ વર્ષ માટે ગુજરાતમાંથી દેશવટો લીધો. પણ એ ઉખડેલ સાધુની સોબત નજ છોડી. આખરે એજ છુટો પડયો. અને એને પણ વટલાવે તેવો ગુણસાગર નામનો સાધુ સાંપડયો. ગુણસાગરના કુકર્મો જાહેરમાં આવતાં આત્માર્થી સાધુઓ (સાગરજીના શીષ્યો) સાગરજીને છોડી ચાલ્યા ગયા. છતાં સાગરજી ગુણસાગરનો પલ્લો પકડીને કેમ બેઠા છે?

ગુણસાગર માટે કશું કહેવાપણું નથી. તે દરેક રીતે ભ્રષ્ટ છે. તેના પાંચે મહાવ્રત ખંડીત છે. લોફરમાં લોફર સાધુ છે. છતાં સાગરજીને વધુ પેટ એટલો તો વહાલો છે કે એના નચાવ્યા એ નાચે છે. છતાં મહેસાણાના યુવાનો કેમ નભાવ્યે જાય છે? શું તેઓ આવાં સડેલા સંતાનોને પોષવા માગે છે? કે એમનેય શાસનહેલનાનું ભુત વળગ્યું છે?

સાગરજી! પાકે કહિં આવી પહોંચ્યા છો. છતાં આવા લોફરોને સાથે રાખી પાછલી જીંદગી શું કરવા ધૂળમાં મેળવો છો? સમજો! નહિં સમજો તો આજનો યુવાન લગારે નહિ નભાવી લે.

## તંત્ર સુધારો.

સારાયે જગતમાં કોઇ પણ માનવી પ્રભુ મહાવીરનો ભક્ત બની શકે છે—જૈન બની શકે છે. પરંતુ જ્યારથી વણીક જૈનો અને વણીક સાધુઓના હાથમાં શાસનનું સુકાન આવ્યું ત્યારથી જૈન વાણીયા સિવાય એનાં દ્વાર બંધ થયાં છે. ગમે તેવા અન્ય ઉપાસકો અને ઉપાસિકાઓ હોય તેમાંય હરીજન હોય તો તો મંદિરના દ્વારને એનાથી અડાયજ નહિ. અને અમારા ગૌતમા (?) અવતારો વાણીયાની હાએ હા ભણ્યે જાય. જેનો શાસનના એ રખેવાળો કહેવાય છે તેમને એટલુંએ જ્ઞાન નહિ હોય કે પ્રભુના શાસનમાં ભેદભાવ જેવું છેજ નહિ. પણ એજ બિચારા ભેદભાવથી ડુબી રહ્યા છે ત્યાં એને આ વિશાળ રાહ શાને સુઝે.

કઠોળથી ત્રણ ગાઉ દુર આવેલ ગામની એક હરિજન બાઇ નામે માણેકબાઇ ત્રણ વર્ષથી દર વર્ષેપણે અઠ્ઠાઇ કરે છે. હમેશાં જૈન મંદિર બહાર ઉભી રહી વિતરાગનું ધ્યાન ધરે છે. ઘેર પણ જિનેશ્વરની છબી રાખે છે. ધુપ, ધ્યાન અને પુજામાં મસ્ત રહે છે. આઠમ, અગીઆરસ નિયમિત ઉપવાસ કરે છે, ખાવાપીવામાં જૈન તરીકેના આચાર પાળે છે. એટલે જૈનજ કહેવાય છતાં જિનેશ્વરના મંદિરમાં દર્શને જવાની છુટ નહિ. આવી આપણી વર્તણુંકથી અન્ય કુટુંબો જૈન ધર્મ પાળતા બંધ થયાં છે. અરે કોઇ પોતાની સમાજમાંથી છુટા પડી જૈન સંઘમાં તેમ જ્ઞાતિઓમાં ભળવા આવ્યા છે ત્યારે તે વાડાઓના આગેવાનોએ ના પાડવાના અનેક દાખલાઓ જડશે. આથી તેઓને નછુટકે વિતરાગનો ધર્મ છોડી એની સમાજમાં ભળવું પડ્યું છે. સમાજની આ ભયંકર સ્થીતિ ઉભી કરવામાં સાધુશાહી અને પટેલશાહી જવાબદાર છે. એની સ્હામે મોરચા બાંધ્યા વિના આ સડેલ તંત્ર સુધરવું કઠીન છે.

## ઇન્સાફ આપો.

સુથરી સંઘની પટેલશાહીએ એની સત્તાની હદ કુદાવી છે. એને એની સત્તાનો કેફ ચડયો છે એટલે એનો દુરૂપયોગ કરી સુથરી સંઘને કલંકીત કરી રહી છે. એટલે યુવાનોએ વેળાસર ચેતી જવાની જરૂર છે.

એક જૈન બંધુ હરિજન બાળકોને જ્ઞાન રૂપી પરબનું પાન કરાવે, હરિજનોની સેવા કરે એ જોઇ એ સંઘના મોવડીયોના નાકના ટેરવાં ચઢી જાય છે. અરે! ધર્મ રસાતાળ જતો દેખે છે. એટલે એ બંધુ—ભાઇ ખડીઆને મંદિરમાં આવતા અટકાવે છે. અને તે, વિતરાગના દર્શનનો આગ્રહ કરે છે તો ગુંડાઓની પેઠે તેના ઉપર લાઠીઓની પીટ પડે છે. તે પણ જનસમાજના કલ્યાણ રૂપ અરીહંત દેવની મૂર્તિના દ્વારે!

આજ ત્રણ ત્રણ વર્ષથી ભાઇ ખડીઆને મંદિરમાં દાખલ થવા દેવામાં નથી આવતા જ્યારે જેઓ દારૂ પીએ છે, વેશ્યાવાડે ભટકે છે, વિધવાઓનાં શિયળ લુંટે છે, ગર્ભપાત કરાવે છે, અને ન કરવાનાં હિણાં કૃત્યો કરે છે તેવાઓ મંદિરમાં મોજથી જઇ શકે છે. તેની કોઇ રૂકાવટ કરી શકતું નથી—કરવાની કોઇની તાકાત નથી. ત્યારે હરીજન બાળકોની સેવા કરનાર ભાઇની સામે વીસમી સદીમાં એ સંઘના મોવડીઓ ઔરંગઝેબી ચલાવે એ એ સંઘના યુવાનોને કાળી ટીલી સમાન નથી!

ત્રણ ત્રણ વર્ષથી ભાઇ ખડીઆને જે ગેરઇન્સાફ થઇ રહ્યો છે તે ઇન્સાફ અપાવવા. સુથરીના યુવાનોએ ભાઇ ખડીઆના પડખે ઉભવુંજ જોઇએ.

છેવટે એ સંઘના મોવડીઓને કહીએ છીએ કે આ તમારી મુર્ખાઇભરેલી વર્તણુંક છોડી દઇ ભાઇ ખડીઆને ઇન્સાફ આપો. અને એમને માટે સુથરી જૈન મંદિરના દ્વાર ખોલો. એમાં તમારી અને તમારા સંઘની શોભા છે.

---

**શરમકથા—**અનુ. પા. ૧૯૦ થી.

કેટલાક મૌન રહ્યા. અરે! એવાઓએ વાત દાબી દેવા ખુબ પ્રયત્નો કર્યા. આખરે પણ વાત વાયરાની માફક હદ ઉપરાંતની વધી ગઇ અને સુરીજીને! મરૂભૂમિની કમાણી છોડી પાછું ગુજરાતમાં આવવું પડ્યું. ઘણા વખતે કનકપુરમાં પધારતા હોઇ જબ્બર સામૈયું થયું. મહારાજશ્રીએ બબ્બે વર્ષે ચોમાસાં બદલવાનો નિયમ કર્યો. યેન કેન પ્રકારે શાસનની ધ્વજા ફરકાવવાનું બીડું ઝડપ્યું. ધર્મના ઓઠા તળે પાર્થ મળી રહેવા લાગ્યું. જો કે કેટલાક ચોક્કસ કામો માટે યા ખાનગી જરૂરીયાતો માટે કોઇકવાર પેલી રકમમાંથી થોડીક નછુટકે મંગાવવાનું રાખ્યું હતું. આમ થોડા વર્ષ ચાલ્યું ત્યાં તો જેના ઘેર રકમ જમા કરાવી હતી તેની દાનત બગડી અને એણે મહારાજશ્રીને રકમ માટે ના પાડી. તે ઉપરથી કહેવા લાગ્યો કે પૈસા શાના? અને વાત શી? સુરીજીએ અનેક તરકીબો અજમાવી જોઇ એમાં ન ફાવ્યા. શ્રદ્ધાવાળા માણસોદ્વારા ધાર્મિક પૈસા ન રખાય એ તો ધરમાદા રકમ છે વિગેરે વિગેરે વાતોનાં કહેણ મોકલ્યા પણ પેલા બિરાદરે દાદ નજ આપી. અને વધુમાં કહેવા લાગ્યો કે મહારાજ જો વધારે ગરબડ કરશે તો આખોયે ઇતિહાસ જૈનોની જાણમાં મુકી દઇશ! સુરીજીને પણ આબરૂ માટે ફરજીયાત મૌન સેવવું પડ્યું અને દોલતની મુસીબતો વેઠી એકઠા કરેલા ગંજ પત્તાંના માફક હતાં ન હતાં થઇ ગયા. આમ સુરીજીની મનની મુરાદો મનમાંજ રહી જવા પામી. કારણ કે આવી શરમકથા કોને કહેવી. એ મુંઝવણ સાલે છે.

# "છોકરીએ ઘસીને કાપ્યું."

લે. 'સુધાકર.'

[ ગતાંક પાને ૧૮૭ થી ચાલુ ]

નવનીતલાલ કેળવણી ખાતાના મુખ્ય અધિકારી હતા. વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચૂકેલાં તેમના માતા પીતા પુત્રની છાયા નીચે સંતોષથી જીવન વ્યતિત કરતાં હતાં કારણ કે 'કમળાવહુ' નવનીતલાલની ધર્મપત્નિ—એ પરણીને સાસરે આવતાંજ પિયેરમાં મળેલા ઉચ્ચસંસ્કાર, કેળવણી, અને સ્વ-બુધ્ધિથી ઘરનો બધો ભાર ઉપાડી લીધો હતો. નવનીતલાલની ન્હાની બ્હેન પદ્મા હાઇસ્કુલમાં ભણતી હતી. કમળાવહુના સંતોષકારક કારભારથી ઘરમાં સંપ અને શાન્તિનું સામ્રાજ્ય હતું.

x x x

નવનીતલાલે પોતાની બ્હેન પદ્માને કેળવણી આપવામાં ખૂબ કાળજી રાખી હતી, પદ્માએ હાઇસ્કુલમાં અંગ્રેજી છઠ્ઠું ધોરણ પાસ કર્યાબાદ સમાજહાકાની ટોકણી, વૃધ્ધ માતાપિતાનો અતી આગ્રહ અને અન્ય લોકોની નિન્દાથી અકળાઇ—પદ્માની ઇચ્છા મેટ્રીક પાસ કરી કોલેજમાં જવાની હોવા છતાં—અનિચ્છાએ મદનલાલે તેનું લગ્ન પોતાનીજ જ્ઞાતિના મુંબઇમાં ધંધાર્થે વસતા એક શ્રીમંતના પુત્ર સાથે કર્યું. પદ્માનો પતિ ભણેલોગણેલો અને પિતાના ધંધામાં પારંગત હતો. પરંતુ ઘણા પ્રસંગોમાં બને છે તેમ શ્રીમંતાઇ સાથેજ જન્મેલા કેટલાક દુર્ગુણોથી તેનું જીવન મુક્ત ન હતું. અને એ દુર્ગુણોના પ્રતાપેજ કોઇ છુપા રોગ શત્રુએ તેના દેહ—કિલ્લાનો કબજો મેળવેલો છે એ હકીકતથી નવનીતલાલ અજાણ્યા હતા.

પદ્મા પરણી સાસરે ગઇ. સ્વામીના સહવાસમાં આવતાં સ્હેજ પદ્મા કેટલીક વાતો પામી ગઇ. તેના હૃદયને આઘાત લાગ્યો. 'હવે શું કરવું?' એ વિચારમાંને વિચારમાં છએક માસ વિતી ગયા. પદ્મા પિયેરમાં પાછી આવી. એકાદ મહીનો રહી પાછી મુંબાઇ ગઇ. અને ત્રણેક મહિના વીત્યા ત્યાં પદ્માનો પતિ પરલોક સીધાવ્યો પદ્મા વિધવા બની. આખું કુટુંબ શોકમાં ડુબ્યું.

થોડો સમય વિત્યાબાદ નવનીતલાલ પદ્માને દિલાસો આપવા અને જો તેના શ્વસુર પક્ષના માણસો રજા આપે તો પદ્માને તેડી લાવવા મુંબાઇ ગયા. થોડા દિવસ રહી પદ્માને તેડી ઘેર આવ્યા.

પદ્માને વિધવા બન્યે છ એક માસ વિત્યા. તેનું દુઃખ કંઇક વિસારે પડ્યું. એટલે નવનીતલાલે તેનો અધુરો અભ્યાસ ઘેર ચાલુ કરાવ્યો. પદ્માનું ચિત્ત જ્ઞાનની ઉપાસનામાં લાગવાથી તેને પણ કંઇક શાન્તિ મળી. એકાદ વર્ષ આમ અભ્યાસ કરાવી શહેરની કન્યાશાળામાં હેડ મિસ્ટ્રેસની જગ્યા ખાલી પડતાં પોતાની લાગવગથી નવનીતલાલે તે જગ્યાએ પદ્માને નિયુક્ત કરાવી.

પદ્મા નિયમસર કન્યાશાળામાં જતી આવતી. પોતાના હોદ્દાની રૂએ જેટલી છુટ તેને અન્યની સાથે લેવી પડે તેટલી તે લેતી. સાદાં સફેદ વસ્ત્રોમાં ફરતી પદ્માનો નિર્મળ જીવન પ્રવાહ અખંડિત વહે જતો હતો.

x x x

પદ્મા કમાય તોજ તેની જીંદગી નભે એમ તો હતુંજ નહિ. પણ નવનીતલાલે બે મુદ્દા ધ્યાનમાં રાખી પદ્માને આ માર્ગે દોરી હતી. પ્રથમ મુદ્દોઃ વિધવા જો મરણપર્યન્ત વૈધવ્ય પાળવાજ માગતી હોયતો તેને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવીજ જોઇએ. બીજો મુદ્દોઃ પોતાને પ્રિય એવી પ્રવૃત્તિમાં જીવન સમર્પણ કરવું એપણ જીવનને નિર્મળ રાખવાનો એક માર્ગ છે. અલબત્ત એમાં પણ ભયસ્થાનો રહેલાં છે. એ તેની ધ્યાન બ્હાર નહતું. પરંતુ તેને પદ્માના નૈતિક જીવનમાં વિશ્વાસ હતો.

નવનીતલાલ આમ નિર્ભય હતો. પણ લોક અભિપ્રાય નિર્ભય ન હતો, પદ્માની પ્રત્યેક પ્રવૃત્તિમાં, પ્રત્યેક હલનચલનમાં તેને શંકા આવવા લાગી. અલબત્ત ચાલી આવતી રૂઢીના ચિલામાંથી માર્ગ પાડનારને જગતની ટીકાને પાત્ર થવુંજ પડે છે. પરંતુ આ કિસ્સામાં તો પુરૂષ જાતની વિષ દ્રષ્ટિએ તેમાં કાંઇક શોધી કાઢ્યું. અને પદ્માની વાતો ચાલવા માંડી. પ્રથમ નજીવી લાગતી વાતો નિંદા પુરાણમાં ફેરવાઇ ગઇ. અને જ્યાંને ત્યાં પદ્મા ચર્ચાનો વિષય થઇ પડી. નવનીતલાલ અને તેના કુટુંબ કરતાં તેનાં સગાં વ્હાલાં અને ન્યાતીલાઓને ક્યારેક 'નાક કપાવા' નો ભય લાગવા માંડ્યો અને એ બીકને લીધેજ તેઓ પદ્માની આટલી ચિંતા રાખે છે એમ કહું લોક કહેતા? પોતાનાંજ પ્રાપ પરખી ન શકનાર બીજાને ઉપદેશ આપનાર પરોપકારી પંડિતોનો હતભાગ્ય હિન્દુ સંસારમાં ક્યારેય ક્યાં તોટો પડ્યો છે?

આ નિંદાપુરાણ પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બન્ને રીતે પદ્માના જાણવામાં આવી ગયું. તે અકળાઇ, મુંઝાઇ, ઘડીભર શરમની મારી ઘરના ખુણે પેસવા પણ તૈયાર થઇ, પણ નવનીતલાલના પ્રોત્સાહન અને પ્રેરણાને બળે પદ્મા અણનમ રહી.

પદ્માના શ્વસુરપક્ષમાં સાસુ, સસરા, એક વિધુર જેઠ અને એક નણંદ એટલાં હતાં. પદ્મા રાંડયા પછી તેને સાસરે મોકલવાનો પ્રયત્ન થયેલો પણ પરણતાંજ પોતાના પુત્રને ભરખી જનાર ચુડેલને સંઘરવા શ્વશુર પક્ષ તૈયાર ન હતો. એટલે લાચારીએ પદ્માએ ભાઇનું શરણ સ્વીકાર્યું હતું. પણ પદ્માના જેઠ એવા નિર્માલ્ય ન હતા કે તેઓ લોક નિન્દાનો ચહડો જુવાળ જોઇ રહે! તેમણે આડકતરી રીતે બીજાઓ મારફતે ઘણાની નોટીસો પણ મોકલાવી હતી. છેલ્લે વાત વધી પડતાં એક પ્રસંગે મુંબાઇથી આવેલા ત્યારે જાતે આવી નવનીતને એમ પણ કહી ગયેલા કે—"જો તમે કાબુ ન રાખી શકતા હોય તો મોકલી દ્યો મારે ત્યાં.........અને હવેથી જો સીધી નહી ચાલે તો હું જેઠ છું પણ કાંઇ ઝાલીને ઘસડી જવાનો એ ખચીત માનજો!"

નવનીતલાલે આ ધમકીને ન ગણકારી; અને છેલ્લે ઉપાશ્રયને ઓટલે પ્રતિક્રમણ કર્યાબાદ નિત્ય ભરાતી સ્ત્રી પાર્લામેન્ટમાં કેટલાક દિવસથી ચાલતી ચર્ચાથી અકળાએલાં પદ્માના માસીબાને અચાનક કમળા—નવનીતની વહુ—રસ્તામાં મળી ગઇ. અને તેમણે પોતાનો ઉભરો ઠાલવ્યો.

અપૂર્ણ.

# પીછેસેં ચલી આતી હૈ.

એક વખત બાદશાહ પોતાના અમીરો અને બીજાઓ સાથે મસ્જીદમાં નીચા નમીને નમાજ પડતા હતા તે વખતે છેલ્લો જે માણસ હતો તેની આંગળી આગલા માણસના કુલાને અડી ગઇ એટલે બીજાએ જાણ્યું કે આ પણ નમાજની ક્રીયા હશે. બીજાએ ત્રીજાને અડાડી ત્રીજાએ ચોથાને એમ છેવટ બાદશાહને જ્યારે અડાડી ત્યારે બાદશાહે વઝીરને પૂછ્યું "યે ક્યા?" વઝીરે તેની પાછળના માણસને પૂછ્યું એટલે તેણે કહ્યું કે પીછેસે ચલી આતી હૈ. છેવટ જ્યારે એનો નિર્ણય થયો ત્યારે ખાત્રી થઇ કે છેલ્લા માણસની આંગળી અકસ્માત ભૂલમાં અડી ગયેલી.

આવી રીતે ગતાનુગતિકત્વ કેટલુંક ધર્મોમાં દાખલ થઇ ગયું છે. જ્યારે પૂછીએ છીએ કે આ શા હેતુથી કરવામાં આવે છે અને આમ કરવાનું કયા શાસ્ત્રમાં લખ્યું છે ત્યારે તેના ઉત્તરમાં કહે છે "એતો પરંપરા છે. ઘણાકાળથી એમ કરતા આવ્યા છે માટે કરીએ છીએ." એ ઉત્તર દેવામાં આવે છે. ઘણીવાર કેટલીક પ્રવૃત્તિ કેટલાક સ્વાર્થીઓએ ચલાવેલી હોય છે અને કેટલીક પ્રવૃત્તિમાં બીજાનું અનુકરણ હોય છે પણ વર્તમાન કાળમાં તેની જરૂર છે કે નહિ તેનો વિચાર કરવામાં આવતો નથી.

જૈન ધર્મનું કોઇ નાટક કરે કે ચેષ્ટા કરે તો તેને આપણે આપણા ધર્મનું અપમાન માનીએ છીએ પણ આપણે પોતેજ તેવાં અનેક નાટકો કરી રહ્યા છીએ, તેને આપણે ધર્મ માનીએ છીએ, દાખલા તરીકે કેટલીક બાઇઓ ચંદનબાળાનું અઠ્ઠમ કરે છે અને પગમાં હાથમાં સુતરની અને રેશમની આંટીનાખી પગમાં બેડી અને હાથમાં હાથકડી પહેરવાનો દેખાવ કરે છે. વળી સુપડામાં અડદના બાકુળા લઇ એક પગ ઉંબરામાં અને એક ઉંબરા બહાર રાખીને ઉભી રહે છે. સાધુ મહારાજ વહોરવા આવે છે, તેને મહાવીર માની બાકુળા વહોરાવે છે સાથે સાથે રૂપાનાણું પણ વહોરાવી દે છે. આ ચંદનબાળાનું નાટક નહિ તો બીજુ શું? કયાં ચંદનબાળા અને કયાં આજની અઠ્ઠમ કરનારી નારીઓ. કયાં પ્રભુ મહાવીર અને કયાં આજના સાધુઓ, છતાં એક વાત અધુરી રહી જાય છે, ચંદનબાળાનું મસ્તક મુંડેલું છતાં આજની ચંદનબાળાઓ માથું મુંડાવતી નથી. આ નાટકની શરૂઆત યતીઓથી થયેલી, કેમકે રૂપાનાણું અને હાથ પગની આંટીઓ યતીઓ લઇ જતા પણ તે રૂઢિ હાલ પણ તેવીને તેવી ચાલી રહી છે. અને વર્તમાન કાળના ગુરૂઓ તેને ચલાવી રહ્યા છે. જ્યારે પૂછીએ છીએ ત્યારે કહે છે કે પીછેસે ચલી આતી હૈ. ચંદનબાળાનું અઠ્ઠમ કરો કે પારણે અડદના બાકળા સુપાત્રે વહોરાવી પારણું કરો તેમાં વાંધો નથી પણ સુપડામાં બાકળા રાખવા, હાથ પગમાં આંટીઓ મારવી, ઉંબરામાં ઉભું રહેવું, આ બધા ઢોંગનો અવશ્ય ત્યાગ થવોજ જોઇએ. આ રીતે હેતુ પુરસ્સર પણ નથી તેમ શાસ્ત્રસંમત પણ નથી.

પ્રભુની પૂજા એકવીસ પ્રકારી સત્તર પ્રકારી અને અષ્ટપ્રકારી છે. બાકી દરેક પૂજાઓનો સમાવેશ આ ત્રણ પ્રકારમાં થઇ જાય છે. સત્તર ભેદી પૂજામાં અને એકવીસ પ્રકારી પૂજામાં આભરણ પૂજા છે એટલે પ્રભુને તે પૂજા વખતે આભરણ પહેરાવવાં જોઇએ, એ સિવાય અલંકાર પહેરાવવાનું કોઇ પૂજામાં નથી. ફક્ત રાજ્યાભિષેકની ભાવના કોઇને ભાવવી હોયતો તેટલા કાળ પૂરતાં મુકુટ, કુંડળાદિ પહેરાવવાં જોઇએ પણ જે કેટલીક વખત ચાંદીના મુકુટ, કુંડળ બાજુબંધ, કડાં, કંદોરા વિગેરે અલંકારો ચોવીસે ચોવીસ કલાક પ્રભુના શરીર પર રહે છે એ કોઇરીતે શાસ્ત્ર સંમત કે યુક્તિ યુક્ત નથી. માત્ર ચૈત્ય વાસીઓએ ચલાવેલી પદ્ધતિનું આ અનુકરણ છે. કેટલાંક અનુકરણ વૈષ્ણવ સંપ્રદાયનાં પણ દાખલ થઇ ગયાં છે. હાલમાં તો ઓર્ગીઓ કોટ, પાટલુન, ઘડીયાળો રાખવા સુધીની આંગીની રચનાઓ થવા માંડીછે. એ વીતરાગની પ્રતિમાને અણછાજતું છે. મુકુટ કુંડળ રૂપાના, સોનાના અને છેવટ હીરા માણેકનાં પણ પહેરાવવાનો રિવાજ કેટલોક સમય થયા શરૂ થયો છે અને આ રિવાજને આચાર્યો, પન્યાસો, ઉપાધ્યાયો અને સાધુઓ ઉત્તેજન આપી રહ્યા છે. પણ એઓનેજ જ્યારે પૂછીએ છીએ કે મુકુટ, કુંડળ, હાંસળી, બાજુબંધ, કડાં કંદોરા ચોવીસે ચોવીસ કલાક જિન પ્રતિમાના શરીર ઉપર રહે છે તેનું શું કારણ? આ કઇ જાતની પૂજા સમજવી અને આનાથી કઇ જાતની ભાવના ભાવવી? અને આ રિવાજ કયારથી શરૂ થયો છે? તેની જરૂરિયાત ખરી કે? વગેરે પ્રશ્નોના ઉત્તર કોઇ આપતું નથી. દિગંબરીઓએ તદન નગ્ન રાખ્યા ત્યારે શ્વેતાંબરીઓએ દાગીનાથી પ્રતિમાનું શરીર ભરી દીધું. આ તો હિંદુઓએ ચોટલી રાખી ત્યારે મુસલમાનોએ દાઢી રાખી તેના જેવું છે. એનું પરિણામ એ આવ્યું છે કે ઠેકાણે ઠેકાણે જૈન દેરાસરોમાંથી ચોરી થયાના સમાચારો જાહેરમાં આવતાં જાય છે. આ આપદ્‌ધર્મ આટલાથી અટકવાનો નથી. ચોરીને તમો ચોકીદાર રાખી અટકાવી શકશો પણ એક દિવસ ખુનની લાકડીઓ દેરાસરો ઉપર ધાડ પડશે અને પરિણામે ખુન ખરાબી થશે. માટે અગાઉથી ચેતી જાઇ જૈનો પ્રભુ પ્રતિમાને વિતરાગ દશામાં રાખતાં શીખે તો વધારે સારૂં. અલંકારો પહેરાવવાનો રિવાજ બંધ કરવો જોઇએ, કેમકે આ રિવાજ અમોને સહેતુક લાગતો નથી પણ પીછેસે ચલી આતી જેવો છે. પૂર્વ કાળમાં ઘણા જૈન દહેરાસરો જંગલમાં, વન ખંડોમાં હતાં. જેનાં દ્વાર સદા ઉઘાડા રહેતા હતા. તેવા દાખલાઓ અનેક રાસોમાંથી મળી આવે છે. વીરવિજયજી મહારાજની કરેલી પંચ કલ્યાણકની પૂજામાં કહ્યું છે કે "રાણી સાથ વસંતમાં વનભીતર પેઠે" પ્રાસાદ સુંદર દેખ. કે "ઉંહા જાકર બેઠે" રાજેમતી કું છોડ કે "નેમસંયમ લીના" ચિત્રામણ જિન જોવતાં "વૈરાગ્યે ભીના."

અપૂર્ણ.

—"સમય ધર્મ" માંથી.

---

**ભગવાન!** યુદ્ધ કેવી ભયંકર વિપત્તિ છે? અને સમય સમય પર કેમ ફાટી નીકળે છે? ૧૫૦ લાખ (દોઢ કરોડ) સેના યુરોપીય મહાયુદ્ધમાં શા માટે એકત્રિત થઇ? દરરોજ ૧૮ કરોડ રૂપીયાનો ખર્ચ કેટલા સમય સુધી અને શા માટે સ્વાહા કરવામાં આવ્યો! આ વીસમી સદીમાં જેવી લોહીની નદીઓ વહેવડાવવામાં આવી તેવી તો સિકન્દર, તૈમુર, જંગીઝ, ઝર્કસીસ, હનીબાલ, સીઝર, સુલાદીન અને નેપોલીયન વગેરેએ મળીને પણ નથી વહેવડાવી!

# શરમકથા.

(કલ્પનાના રંગે રંગાયેલી છતાં આ કથની વાંચક મિત્રોને સ્હેજે બની ગયા જેવી લાગ્યા વિના નહિ રહે....લેખક.)

સુરીજી મુખ્યત્વે ગુજરાતના શહેરોમાંજ ચોમાસા કરતા, એઓ મોટા શહેરોમાં રહેવાનું એટલા માટે પસંદ કરતા કે ત્યાં દુઃખથી, દેવાથી, રોગથી કંટાળેલાઓ તેમજ જીવનભર બ્રહ્મચારી રહેવા સરજાયેલા આત્માઓમાંથી સહેજે મુંડવા માટે મળી રહેતા. આમ એઓ શ્રીમાનને ધીમે ધીમે પચીસ શિષ્યોનું ઝુંડ મળી ગયું હતું. આ પચીસમાં અપવાદજનક આત્માર્થે દીક્ષા લીધેલ શિષ્યો પણ હતા. આજ લગી ચોમાસા અંગે સુરીજીનો જ્યાં પડાવ નંખાતો ત્યાંના શ્રાવકો એમની જરૂરીઆતો શક્ય રીતે પુરી પાડતા. પણ કેટલાક વિલાસી ચેલકાઓને થોકબંધ ટપાલ લખવાનું, પેનો, કેમેરા, ઘડીઆળો, નવનવી ફેમનાં ચશ્માંઓ; મુલાયમ ઉન, રેશમનાં વસ્ત્રો વિગેરે પુરતા પ્રમાણમાં નહોતાં મળી શકતાં, વળી સુરીજીને પણ ઘણી વખત હેન્ડબીલોના જવાબો આપવાના ખર્ચની તકલીફ રહેતી. ઉપરાંત જાણું કાઢવાની ખાસ આ કળજુગમાં જરૂરત લાગતી એટલે ન છૂટકે મરૂભૂમિમાં વિચરવા વિચાર એઓશ્રીએ નિર્ણીત કર્યો. સમુદાયની સગવડોને પહોંચી વળવાની તૈયારી માટે સૌએ હિમ્મતભેર ફુલકાં ને ઓસામણના રસવંતા સ્વાદ છોડયા અને બાજરી રોટી, દાળ અણગમતા મને સ્વીકારવાનું સાહસ ખેડયું હતું. મરૂદેશમાં પાંચેક વર્ષ રહ્યા વિના શ્રેયસિદ્ધિ સરે તેમ નહોતું. પહેલું ચોમાસું અંતપુરમાં થયું. અહિંના ઓસવાળ ભદીક જીવો ઘણા વર્ષે મુનીરાજોનાં પગલાં પોતાના ગામમાં થવાથી હર્ષઘેલા બની ગયાં હતાં. એટલુંજ નહિ પણ મુનીઓનો પડયો બોલ ઝીલતા; ધર્મના નામે મરી ફીટતા. બોલી, ઉજાણી, નોકારસી, ઉત્સવ, ઉજમણું વિગેરેમાં શક્તિ ઉપરાંત ધનવ્યય કરતા હતા અને આથી શ્રધ્ધાળુઓમાં ચોથો આરો વરતી રહ્યાનું ભાસ રહ્યું હતું.

વ્યાજ વટાવના ધંધામાં હદ ઉપરાંતની કરકસરથી એકઠી થયેલી લક્ષ્મીની છોળ સુરીજીના સબ્દોપર આમ ઉડી રહી હતી. ગામના પરદેશ ધંધાર્થે રહેનારાઓના છોકરાઓ ઠીકઠીક ભણ્યા હતા બહારના જગતનો પવન એમણે ઝીલ્યો હતો. તેઓ ઘણી વખત કહેતા કે આ મહારાજ ગામમાં આવી બોળવી જાય છે નકામી ઉડાવગીરી કરી ધર્મના નામે જનતાને છેતરે છે એના કરતાં કોઇ એકાદ બોર્ડીંગ, સ્કુલ જેવી સંસ્થા માટે રકમો કઢાવી મરૂભૂમિના બાળકોને વિદ્યાદાન અપાવે તો! ધીમે ધીમે વાત પવન વેગે ઉડી: સૌ કોઇ આ સમયધર્મી જુવાનીઆઓને ધીટકારતું. અને કહેતું કે એ તો ચરી ગયા છે. હજુ વૈતભરનાઓને 'ધરમ શું'ની ખબર નથી. બીજી તરફ વ્યાખ્યાનમાં મહારાજશ્રી પણ કેળવણી તરફ અણગમો બતાવે રાખતા. કારણ કે એ સિવાય શ્રેયપ્રાપ્તિ નહોતી. અવારનવાર વ્યાખ્યાનમાં કહેતા કે હે ભવીજનો! "આ માનવદેહ અને લક્ષ્મી, ધર્મપસાયે પામ્યા છો તો ગુરૂ કહે તેમ સદવ્યય કરતા રહેજો. લક્ષ્મી આગળી પણ ફરી ફરી દાળ નહીં મળે. સદગુરૂ, સદધર્મ, માનખો દેહ બધું એક સાથે પુરા પુન્યેજ મળી રહે છે. માટે મોહ છોડી ભક્તી કરો. જેથી આ, ભવ અને પરભવનું ભાયું બંધાય. આમ સુરીજીની મર્મસાધક વાણી પાછળ કેટલાક તો જીવનભે માફક 'પુજા' ભક્ત બની ચુક્યા હતા. અને મહારાજશ્રીના માનીતા પોતે છે એવો ખીજાઓ સન્મુખ દેખાવ કરતા. બપોરે, રાત્રીના એકસ્ટોકલ ભક્તો નરનારીઓ અવરજવર કરતાં. સૌ જુદા જુદા મુનીઓનાં માનીતાં હોઇ પોતાના મુનિની પાસે મુખ્યત્વે જઇ બેસતા, ત્યાં કોઇ ટોળટપ્પાં લગાવતાં. કોઇ ગાથા લેવાનો દેખાવ કરતું, કોઇ દોરા ધાગા બનાવતું તો કોઇ પોતાના મહારાજ કને તેજી મંદીની રૂખ કઢાવતું. ત્યારે કોઇ નિર્દોષ આત્માર્થી આત્મકલ્યાણ સાધવા આવી બેસતો.

બીજી તરફ સુરીજી ખાસ રૂમમાં પોતાના માનીતા બે શિષ્યોને અધ્યયન કરાવવાના ઓઠા તળે ગઠડી એકત્ર કરવાની યોજના અમલમાં મૂકવાની જાનમાંજ વિચારમગ્ન રહેતા. અને આવતા જતા ભવીજનોને ચોક્કસ ગામના પુસ્તકોનો જીર્ણોદ્ધાર કરાવવાનો છે ફલાણું પુસ્તક છપાવવાનું વિગેરે વિગેરે માટે રકમો યા જેની કને જે હોય તે આપવા આગ્રહ કરતા, પછી ભક્તજનો શક્તિ અનુસાર આપવા જણાવતા. ત્યારે સુરિજી કહેતા કે પેલા ઓઘામાંથી ચાવી લઇ પેલ્યા દાબડામાં મુકી આવી હતી ત્યાં મુકી દો. સુરજરામ આવશે એટલે ઠેકાણાસર મોકલી દેશે. ભદીકો સમજતા કે મુનીરાજ કંચનને અડકે નહી એમને શું જરૂર? એ શ્રધ્ધાના તારે દાબડામાં પૈસાના ગંજ જમા થવા માંડતા. મુકનાર જાય કે આડી અવળી નજર કરી મહારાજશ્રી નોટોની વ્યવસ્થા કરતા. અને દાગીનો હોય તો પેલાં અજૈનદ્વારા ગળાવી વેચાવી નાંખતા. એથી એનેય લાભ થતો ને મહારાજશ્રીનું કામ સરતું. આ એકઠા થતા દ્રવ્યમાં મોટો ભાગ શ્રાવિકાઓનો હતો. પતિથી, સગાંથી છાનાં, પુન્ય થશે એ આશાએ 'બાપજી'એ કહ્યું માટે આપી જતી. કેટલીએ વિધવાઓ ઘરના ત્રાસથી કંટાળી સ્મશાનની વૈરાગ્યે પહોંચતી હતી. તે પુરું ખાતી નહીં, થીગડાં લગાડી અંગ ઢાંકતી પણ ભોળપણમાં સ્વ. પતિ મુકી ગયેલ કમાણીમાંથી મહાવીરના એ ભેખધારીના વચનપર 'પુન્ય થશે'ના હીસાબે આપી આવતી. આવી રીતે મારવાડમાંથી મહારાજશ્રીએ જુદી જુદી જગ્યાઓના ચોમાસાઓમાં ચાલીસેક હજાર એકઠા કર્યા હતા. આ બધાં પૈસા જૈનને ત્યાં તો રખાય નહિં કોઇ જાણી જાય તો! ફજેતો થાય. એ ધાકથી સુરીજીએ સંસારીપણાના અજૈન દોસ્તદારને ત્યાં ખાતું પડાવી જમે કરાવાનું રાખ્યું હતું. પેલા અજૈન ભાઇ પણ મલકાતા કે, વગર વ્યાજે આવડી મોટી રકમ છે તો ધંધો આપણો થશે. અને જ્યાં લગી રકમ આવતી ત્યાં લગી એની દાનત સાફ છેના ખાત્રી પુરાવા સુરીજી જ્યાં હોય ત્યાં એક બે વખત મળી પણ જતો. બીજી તરફ આત્માર્થે વેશ પરિધાન કરેલા મુનિવરો શયન કરતા ત્યારે કેટલાક લેભાગુ મુનિઓ ઠલ્લાના નિમિત્તે અવારનવાર બહાર જતા, તે પાછા ચુપચુપ અપાસરામાં આવી સુઇ રહેતા. એક દિવસ બન્નેક મુનિઓ આવળા રસ્તે જતા પકડાયા ને જનતાએ મેથીપાક ખવડાવ્યો અને એકનાં તો કપડાં સુદ્ધાં ખેંચવી લીધાં. ગામમાં હોહા ખુબ થઇ, વાત સકડોળે ચડી, ધર્મની હેલના થાય. માટે

અનુ. પા. ૧૮૭

# ફરેબી જાળ ::: :—

**આજની સમાજરચના એ ફરેબી જાળ છે......xxx......**

સૃષ્ટિની શાંત અને માધુર્યભરી ગોદમાં સુંદર જળાશય હતું. એની ચારે બાજુ લીલાં લીલાં ફળફળાદિથી રંગબેરંગી પુષ્પોથી, વૃક્ષો લચી રહ્યાં હતાં. હીમઝરણાં, સમ શિતલ પાણીની નીકો ધીમી ધીમી લહરીઓ ફેરવી રહી હતી. જ્યાં ઉભાં થતા એ જળાશયે કલરવ કરતું પરોઢ ફાટતું. અને ધીમે ધીમે પાછળ રવિરાજ એકાદ કિરણ ફેંકી વિશ્વસૌંદર્યના બેનમુન આદર્શને ત્યાં રજુ કરતો. દિને રવી અને નિશાએ શશી એ પ્રતિભાને અખંડિત જાળવીજ રાખતા.

એવા એ સ્થળે સિવાય કો કમભાગી શા કાજે માનવી એ વિશ્વવાત્સલ્ય ન માણે? સાવ નિર્દોષ; ઘેલાં ઘેલાં બની, નરનારી ત્યાં ભેગાં મળતાં અને મેળવી શકાય તેટલો આનંદ ત્યાં મેળવતા.

સમય પલટયો, દિન પલટયો, અને ઘડીઓ પલટી; એજ ભોળાં નરમાનવોમાંથી એક માનવ એક દિન જુદા સ્વરૂપે દેખાયો. તેના બાહુમાં એક જબરદસ્ત **જાળ** હતી, બગલથેલામાં કૈંક ખાદ્ય પદાર્થ હતો. તેનું મગજ અસ્થિર હતું. કોઇ ભયંકર, કમકમાવતી કલ્પના—વ્યુહરચના એના મનને હચમચાવી મૂકતી હતી.

પળવાર પછી એ આ બેનમુન સૌંદર્યના નાશને નોંતરવાનો હતો.

એ માનવી મટી જતો હતો.

એ પારધી બની રહ્યો હતો.

જે પળથી એણે પાળપર પગ મૂકયો તે પળથી એ ભૂમિ અપવિત્ર બની; એણે ખાદ્ય પદાર્થ પાણીના અંદર વેર્યો અને એક નહી પણ અનેક સોનેરી રૂપેરી જળચરો, હંમેશના વિશ્વાસનીય ભાવે ભક્ષ લેવા દોડી આવ્યા. હંમેશના નિર્દોષ મિત્રોની એ **મહારાક્ષસને** દયા ન આવતાં, નિર્દય હૃદયે એણે જાળ નાંખી, અને ખેંચી. ભોળા જળચરોના ઉડી જતા અગણિત આત્માઓ આકરી ખીચોખીચ ભરાઇ જવાથી અંધારું છવાયું; વાદળ આવ્યું:

**એ દિવસથી એ ધામ શિકારીઓના શિકારધામ તરીકેજ ચાલુ રહ્યું છે: કયાં એનું સામ્ય છે એ કથાને આજની આપણી સમાજકથા સાથે?**

પિતા મહાવીરનો અગણિત માનવીના સમુહવાળો છતાં અવીભક્ત જૈન સમાજ કયાં, અને નામમાત્રના બાર લાખ માનવોની હસ્તી ધરાવતો, છતાં અનેક તડો. ચોળો, વાડાવાડીઓ, જ્ઞાતીઓ, પેટાજાતીઓમાં સડી મરતો સમાજ કયાં? કયા કારણે આવી આ **ફરેબી જાળોમાં** ભોળા નરનારી ફસાઇ પડયાં છે? અને એ જાળો છે શું?

હીમઝરણા, શાંત અને બેનમુન જળાશય કરતાંએ અધિક શાંત્વન અર્પતો એ જૈન સમાજ હતો. પ્રભુ મહાવીરનું એક તેજરશ્મિ એની ગૌરવશાળી પ્રતિભામાં અહોનીશ વધારો કરતું. એ સ્થળે પ્રાણીમાત્રને સાચી શાન્તિ મળતી. જન્મે ઉચ્ચ નીચના ભેદ નહોતા. માનવીની ઉચ્ચતા ગુણોના સમુહથી ઓળખાવવામાં આવતી.

એ સમય પલટયો, ઘણો કાળ વિત્યો, સુગંધી પુષ્પની સુવાસ એકાએક થોડીજ નાશ થાય છે? પણ પછી તો સમાજની અવદશાના ચિન્હો સ્પષ્ટ દેખાયાં. સૌથી પ્રથમ ધર્માચાર્યોએ સમાજમાં વિખવાદ દાખલ કર્યો અને પક્ષ પડયા—શ્વેતાંબર અને દિગમ્બર. ભાગલા પાડવામાં કુશળ ધર્માચાર્યોએ માનવીઓમાં એ વૃત્તિનાં બીજ દાખલ કરાવ્યાં. ધર્માચાર્યોએ પોતાનાજ મતના સમર્થન અર્થે ભોળા નરનારીને પક્ષાપક્ષી સમજાવી એ વખતના ધર્માચાર્યો પેલા પારધીથી વિશેષ હૃદયહીન બન્યા. અને ધર્મઘેલછાની ફરેબી જાળમાં સમાજનાં ભલાં માનવીઓને સપડાવતા ગયા.

ધર્માચાર્યોના કલહો ખુબ વધ્યા. અને ત્યારે લોકોની આંખ ખુલી. એ કલહોને ઝાઝું મહત્વ આપવાની જરૂર ન જણાઇ. પણ જે વિષ શરીરમાં ઉતારવામાં આવ્યું હોય તેની અસર થયા વગર રહે? ધર્માચાર્યોની પાછળ સમાજનો ધનિક વર્ગ એમની અંદરોઅંદરના કંકાસને સામાજીક પ્રશ્નો સાથે અથડાવતો ગયો અને એ જાળમાં એ લોકો ફસાયા. અને તડો વધ્યા. (દરેક તડ, ચોળ, જ્ઞાતિ પાછળ લાંબી કલહકથા સમાયેલી છે એ કોણ વિચારે?)

પછી તો સામાન્ય જનસમુહે પણ પોતાના "હકકો" સાચવવાના બહાને ખુબ નાની જ્ઞાતિઓ વધારી મુકી. x x x

આજની પરિષદોને આ જ્ઞાતિબંધનો તોડી નાંખવાની માન્યતા ધરાવવાનો હક છે. અને આજની કોન્ફરન્સને 'લગ્નક્ષેત્ર' વિસ્તૃત કરવાની 'ભલામણો' કરવાનોએ હકક છે. પણ એ પાછળ કોઇ પ્રયત્નની જરૂર ખરી? એ ફરેબી જાળોનાં રહસ્યો સમજવાની જરૂર ખરી?

શા માટે જ્ઞાતિબંધનો તોડવાં? શા માટે લગ્નક્ષેત્ર વિસ્તૃત કરવાં?

ધનિકો પોતાને ધનના જોરથી મનફાવતી કન્યાઓ મેળવી શકે માટે? ધનિકો પોતાની પુત્રીઓને મનમાન્યા ધનિકને ત્યાં આપી શકે માટે? ધનિકો તરફથી જ્ઞાતિઓ તોડવાના થતા પ્રયત્નો આજ કારણોસર કરવામાં આવે છે એમાં મને મુદ્દલ શંકા નથી. (અને એટલાજ કારણસર યુવાનોએ એમની પાછળ દોરવાઇ જવું નહિંજ જોઇએ.)

**સિંહણસુતોને વળી બંધન શાં? માનવીના 'લગ્નહક્ક' ઉપર સમાજની ત્રાપ કેવી?** પણ કોઇપણ જ્ઞાતિનો પુરૂષ કોઇપણ જ્ઞાતિનીકન્યા કયાં નથી લાવી શકતો? એને બંધન છેજ કયાં? ફકત એ ફરેબી જાળ તો 'સ્ત્રીજીવન'નેજ સપડાવવાને માટે છે. જ્ઞાતિની કન્યાને જ્ઞાતિએ એની મિલ્કત માની છે. રખે કોઇ બીજી જ્ઞાતિનો પુરૂષ એ લુંટી જાય એવી એને બીક છે, ત્યારે જો જ્ઞાતિબંધનો તોડી નાંખવાની માન્યતાઓ સેવાય કે 'લગ્નક્ષેત્ર' વિસ્તૃત કરવાની ભાવનાઓ ઉપસ્થિત થાય તો તો આપણે સમજવુંજ રહ્યું કે જેનો 'હક' ડુબી ગયો છે, તેનાજ હકના પ્રતિપાદન અર્થે જો જહેમત થાય તોજ એ પ્રવૃત્તિ નિઃસ્વાર્થ કહેવાય. બાકી તો વિસ્તૃત કરીને પણ સ્ત્રી જાતિને લગ્નનાં 'બંધન' રહે તો એ વિસ્તૃત કરવાનો લાભ શું? સ્ત્રી જાતિ બીજી જ્ઞાતિમાં લગ્ન ન કરી શકે એવી અને **ધનિક શિકારીઓના શિકાર તરીકેજ** રહે એવી, આજની સમાજરચના છે, એથીજ એને હું ફરેબી જાળ કહું છું.

**ડાહ્યાલાલ વી. મહેતા.**

## બાળકોનું ચાંચલ્ય.



( લેખાંક બીજો )

સ્વાભાવિક રીતે બાળક ચંચળ હોય છે. આ એમની ચંચળતા, તનમનાટ અને કિલકિલાટ સ્વભાવિક રાખી-નેજ બાળપોથી આગળ ચાલવું જોઇએ. બાળક જો નિરોગી હોય તો એ ચંચળ હોવુંજ જોઇએ. ચંચળતા એ અંદરનું હીર છે, કલ્યાણકારી તત્વ છે, એ તત્વનો સારામાં સારો ઉપયોગ કરવો હોય તો ધીરજપૂર્વક એનું અવલોકન કરવું જોઇએ. આપણે અધીરાઇ અને અજ્ઞાન વડે આવા બાળકને બટપટીયા, તોફાની કે કજીયાળાં કહીએ છીએ પણ એ બધા આપણી મુંઝવણ અને મુંઝવાતોને લઇ ઉતાવળે આપેલ અભિપ્રાય છે. બાળકના અંદરના હીરની સાચી ઉગમણ થતા હોવી હોય, તેમની ચંચળતાનો ખરો વિકાસ સાધવો હોય તો એમની આસપાસના ધોંધાટભર્યાં અને કલુષિત વાતાવરણને દુર કરો. એને કશુંજ શીખવવાનો પ્રયત્ન ના કરો. તેની ચંચળતાને—ચપળતાને અને ઉત્સાહને કોઇપણ રીતે કે યુક્તિ પ્રયુક્તિ વડે દાબવાનો પ્રયત્ન સરખો ના કરો.

## જીજ્ઞાસા જાગવા દો.

અને જ્યાં સુધી બાળકની જીજ્ઞાસા આપમેળે, સ્વપ્રયત્નથી ન જાગે, સ્વાભાવિક ઇચ્છાથી એ પુછપરછ ન કરે ત્યાં સુધી એમને ધરાઇ ધરાઇને જે ક્રિયા કરવી હોય તે કરવા દો! કોઇપણ તેના શરીર કે મનને અનર્થકારી ન હોય એવી ક્રિયા એમને પુરેપુરી શાંતિથી કરી શકે. પોતાના રમકડા કે ઘરની કોઇપણ વસ્તુ વિષે એમને જેટલો પરિચય કરવો હોય તેટલો કરી લેવા દો. આપણાં આજુબાજુના વાતાવરણથી એ જલ્દી જલ્દી પુછે કે આમ કેમ, ને તેમ કેમ? તો બે ચાર વેળા ધ્યાન બહાર કાઢી નાખો. પાસેથી ખસી જાઓ અને તમે જુઓ, તમે કહો "તમે જાણો અને એ તમારાથી થઇ શકે તેવું છે" એમજ ટુંકમાં જણાવી દો, અને જ્યારે એની કોઇ કારગત લાગે તેવું નથી, તેમની જાણવાની વ્યાકુળતા વધી છે, સાચી છે એમ જણાય ત્યારે ઘણીજ ધીરજથી એ ક્રિયા બતાવો અને ટુંકામાં પણ સ્પષ્ટતાથી બતાવો,

## સ્વાવલંબન.

આથી બાળકમાં સ્વાવલંબનવૃત્તિ અને આત્મવિશ્વાસ પ્રગટ થશે. જે ગુણતત્વ આપણી પ્રજામાંથી ઓસરી ગયું છે, તેને વિકસાવવા આપણે મૂળમાંથી આ પ્રયત્ન આદરવો પડશે. જેમ આજે આપણામાંના ઘણાને અંગ્રેજોની વ્યવસ્થાશક્તિ, નિયમિતતા અને શીસ્ત વિષે માન છે, તેમ તે વિશ્વાસ આપણામાં પ્રગટતો નથી આપણામાં એવા વિચારો બંધાઇ ગયા છે કે આપણાથી એ બનીજ ન શકે. લાંબા વખતના આપણા આ સંસ્કારોએ આપણામા પરાવલંબનની પરંપરા ઉભી કરી છે અને એ આપણો દોષ 'છોકરાથી જાજ ન પીવાય' એમ કહેવત ઝાપીને બેવડો છે. બચપણથીજ જો આમ સ્વાશ્રય અને સહકાર માટે યોગ્ય અનુકુળતા આપવામાં આવે તો બાળક ત્વરાએ દીપી નીકળે.

## ફરીયાદ ક્યાં કરવી?

પણ બાળકોની ફરીયાદ કરવાનું જે મુખ્ય સ્થાન છે તે તો માતા પાસે છે. અને એ તો પડદે ગોંધાએલી 'બીચારી' છે. આ બધું વાંચનારો મોટો ભાગ પુરુષ છે, તેની પાસે બેસીને કોણ વાંચે? એટલી ફુરસદ કોને હોય? એ 'બીચારી' એક વેળા પારકી થાપણ ગોટને એને શિક્ષણ આપવાની કોને દરકાર હતી? આજે એને વાંચવાની ફુરસદ કે હોંશ ક્યાં છે?

## પ્રદર્શનો.

એટલે કાં તો સમજુ લોકોએ મંદિર અને ઉપાશ્રયોમાં બાળ આરોગ્યના પ્રદર્શનો ગોઠવવા જોઇએ. કાં તો બાળમંદિરો ખોલાવવા જોઇએ. અત્યારે સમાજ પોતાના શોખ પુરા કરવા માટે અવનવા અને કૃત્રિમ જલસાઓ, વરઘોડાઓ અને આડંબરો ઉભા કરે છે તે કરતાં નિર્દોષ બાળ-સ્વરૂપના આરોગ્ય પ્રદર્શનો થાય, ચિત્રપટો ગોઠવાય, તો અનેક બ્હેનો પોતાની આંખો થકી રસપૂર્વક વાંચે અને બાળકો વિષે જાણે, અને એવા જીવંત સાહિત્યો કોને ન ગમે?

"વિકારની નહીં રેખ વદનપર
સ્વચ્છ નિખાલસ સુરખી રમે
અંતરની અવિશુદ્ધ પ્રતિમા
કહો કહો, કોને ન ગમે?"

ઇશ્વર પણ આવે તદ્રુપ, નમું નમું હો બાળ સ્વરૂપ. અસ્તુ!

—લાલચંદ જયચંદ વ્હોરા.

## અનાચાર.

બાલાભુવાડામાં સંવત્સરીની રાત્રીએ પુષ્પવિજય નામના સાધુએ એક સ્ત્રી સાથે ચોથા વ્રતનું ખંડન કરી અનાચાર કર્યો.

એજ ગામે ઉદયસાગર નામના સાધુએ એક સ્ત્રીની સાથે અનાચાર કરી ચોથું વ્રત ખંડીત કર્યું.

શ્રાવકોને ખબર પડતાં બંને મહાત્માઓ (!) ને મેથીપાક જમાડી ઓઘો ચોરપટો છીનવી લેતાં હીઝ હોલીનેસ શાન્તીસૂરીએ શાસનહેલના થવાના નીમીત્તે શ્રાવકોને અટકાવ્યા અને પેલા અત્યાચારીઓને જતા કરી શાસનહેલના થતી બચાવી. બુધ્ધિ છે કોઇના બાપની. રંગ છે હીઝ હોલીનેસ.

સને ૧૯૦૦ માં આપણા દેશની પશુગણના કરેલી તે વખતે બંગાળાનો હિસાબ તૈયાર હતો નહીં, માટે બંગાળા સિવાયના આખા ભારતમાં પાળેલાં પશુની સંખ્યા ૯૦૭ લાખ હતી. ઓસ્ટ્રેલીયાની વસ્તી કુલ ૪૦ લાખ મનુષ્યનીછે; પણ એજ વર્ષમાં ત્યાં ૧૭૫.૩૫ લાખ પાળેલાં પશુ હતાં.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી ક્લાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરફથી જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.